




# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 62, Dt. 10-07-2026 (FRIDAY) Rs. 02/- Page : 24, RNI No. GUJGUJ/2023/84789


## સુઓમોટો પિટિશનમાં હાઈકોર્ટનો કડક નિર્ણય

# TRP અગ્નિકાંડ; 6 અધિકારીઓ ડિસમીસ

## ફાયર ઓફિસર રોહિત વિગોરા, ટાઉન પ્લાનિંગ અધિકારી ગૌતમ જોષી, મૂકેશ મકવાણા, જયદીપ ચૌધરી, રાજેશ મકવાણા અને ભીખા ઠેબાને નોકરીમાંથી બરતરફ કરાયા


રોહીત વિગોરા


ગૌતમ દેવશંકરભાઈ જોષી


મુકેશભાઈ રામજીભાઈ મકવાણા


જયદીપ બાલુભાઈ ચૌધરી


રાજેશભાઈ નરશીભાઈ મકવાણા


ભીખા જીવાભાઈ ઠેબા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડની સુઓમોટો પિટિશનમાં ગુજરાત હાઈકોર્ટનો વચગાળાનો મોટો ચુકાદો આવ્યો છે. જેમાં મનપાના ફાયર સ્ટેશન ઓફિસર રોહિત વિગોરા, ટાઉન પ્લાનિંગ વિભાગના અધિકારીઓ ગૌતમ જોષી, મુકેશ મકવાણા, જયદીપ ચૌધરી, રાજેશ મકવાણા અને ભીખા ઠેબાને ડિસમિસ કરાયા છે. તત્કાલીન ટીપીઓ મનસુખ સાગઠિયા નિવૃત્તિવય વટાવી જતાં તેનું રજાનું રોકડ રૂપાંતર સસ્પેન્ડ કરી માત્ર પ્રોવિઝનલ પેન્શન ચુકવવા નિર્ણય કરાયો છે.

રાજકોટ સહિત દેશભરના લોકોને હચમચાવી મૂકનાર TRP ગેમઝોન અગ્નિકાંડ ૨૫ મે, ૨૦૨૪ની સાંજે થયો હતો. જેમાં જીવ ગુમાવનારા ૨૭ લોકોના પરિવારજનો અને રાજકોટવાસીઓ ક્યારેય નહીં ભૂલી શકે. રાજકોટના નાના મવા રોડ પર આવેલા TRP ગેમઝોનમાં અચાનક લાગેલી આગ ગણતરીની મિનિટોમાં વિકરાળ બની હતી અને જોતજોતામાં ૨૭ લોકો ભડથું ગયા હતા. રાજકોટમાં થયેલા TRP ગેમઝોન અગ્નિકાંડ કેસમાં સુઓમોટો પિટિશન પર ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે.

### ક્યા અધિકારીને ડિસમિસ કરાયા

- આસિ. TPO ગૌતમ જોશી
- આસિ. TPO મુકેશ મકવાણા
- ફાયર ઓફિસર રોહિત વિગોરા
- આસિ. એન્જિ. જયદીપ ચૌધરી
- આસિ. એન્જિ. રાજેશ મકવાણા
- DYCFO ભીખા ઠેબા

### તપાસ ચાલુ

- TPO મનસુખ સાગઠિયા
- સીએફઓ ઈલેશ ખેર

**ટૂંક સમયમાં કાયમી ચીફ ફાયર ઓફિસરની નિમણૂંક થશે**

## મહાપાલિકા ઈન્ચાર્જના ભરોસે

- પર્યાવરણ વિભાગ ઈન્ચાર્જ પર
- TPO, ફાયર, ગાર્ડન ડાયરેક્ટર અને 11 ડાયરેક્ટર જેવી મહત્વની અને જવાબદાર જગ્યાઓ લાંબા સમયથી ખાલી

અમિત દવેએ અગાઉ પોતાના પદ પરથી રાજીનામું પણ આપી દીધું હતું. જોકે તે મંજુર નહીં થતા હાલ પણ તેઓ આ જવાબદારી સંભાળી રહ્યા છે. હવે સમગ્ર ઘટનાના ૨ વર્ષ બાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા તાજેતરમાં જ ચીફ ફાયર ઓફિસરની કાયમી ભરતી માટેની સત્તાવાર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં અંદાજે ૧૨ લાયક ઉમેદવારો હાજર રહ્યા હતા અને તંત્ર દ્વારા ટૂંક જ સમયમાં યોગ્ય નામ પસંદ કરીને આ અંગેની દરખાસ્ત મંજૂરી અર્થે મોકલવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, મહાપાલિકામાં માત્ર ટાઉન પ્લાનિંગ કે ફાયર વિભાગ જ નહીં, પરંતુ ગાર્ડન ડાયરેક્ટર અને IT ડાયરેક્ટર જેવી અત્યંત મહત્વની અને જવાબદાર જગ્યાઓ પણ લાંબા સમયથી ખાલી પડી છે. આમ છતાં વહીવટી તંત્ર દ્વારા આ જગ્યાઓ ઉપર કાયમી નિમણૂકો કરવામાં ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. ત્યારે તમામ મહત્વની ખાલી જગ્યાઓ ઉપર જવાબદાર અધિકારીઓની ભરતી કરવામાં આવે તે પણ અત્યંત જરૂરી બન્યું છે.

**ફોજદારી કેસો અને ખાતાકીય તપાસને ધ્યાનમાં રાખી મનપાનો નિર્ણય**

## TPO મનસુખ સાગઠીયાના નિવૃત્તિના લાભો અટકાવાયા



રાજકોટ શહેરમાં ૨૫ એપ્રિલ, ૨૦૨૪ના રોજ સર્જાયેલા અત્યંત દર્દનાક અને ભયાનક TRP ગેમઝોન અગ્નિકાંડના મુખ્ય આરોપી અને મહાનગરપાલિકાના તત્કાલીન ચીફ ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયા સસ્પેન્શનના સમયગાળા દરમિયાન વયનિવૃત્ત થઈ ગયા છે, જેને પગલે મનપા તંત્ર દ્વારા તેમના તમામ નિવૃત્તિ વિષયક લાભો અને હક્ક-હિસ્સાઓ પર રોક લગાવી દેવામાં આવી છે. જ્યાં સુધી તેઓ નિર્દોષ સાબિત નહીં થાય ત્યાં સુધી આ રોક યથાવત રાખવામાં આવનાર છે. અગ્નિકાંડની ગંભીર ઘટના બાદ એમ.ડી.સાગઠિયાની ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારબાદ તેમને ફરજ મોકૂફ એટલે કે સસ્પેન્ડ કરી દેવાયા હતા.

## દવા કે ધંધો: 80% ડોક્ટરો દવાઓ કમિશન બેઈઝથી આપે છે

# રાજકોટમાં ડોક્ટર પ્રિસ્ક્રિપ્શન પાછળ ‘સિક્રેટ ડીલ’

## ‘ધરતી પરના ભગવાન’નો કાળો ધંધો એક્સપોઝ




**સિટી ન્યૂઝ@રાજકોટ**

તમે જ્યારે કોઈ બીમારી સબબ ડૉક્ટર પાસે જાઓ છો, ત્યારે ભારેખમ કન્સલ્ટેશન ફી ચૂકવીને એમ માનો છો કે હવે તમને સાચી અને સારી દવા મળશે. પરંતુ રાજકોટના તબીબી ક્ષેત્રમાંથી એક એવો ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે જે સાંભળીને કદાચ ’ધરતી પરના ભગવાન’ ગણાતા ડૉક્ટરો પરથી તમારો વિશ્વાસ ડગી જશે. રાજકોટમાં જે ડૉક્ટરો પાસે પોતાની હોસ્પિટલની ફાર્મસી કે મેડિકલ સ્ટોર નથી, ત્યાં પદ્ધતિસરની "ચીરી નાખતી કમિશન પ્રથા" ધમધમી રહી છે!પોતાની કન્સલ્ટેશન ફી વસૂલ્યા પછી પણ, પોતાની ’બ્લેકની કમાણી’ અને વૈભવી સાઇડ ખર્ચાઓ (જેવા કે વિદેશ પ્રવાસ, મોંઘી ગાડીઓ) પૂરા કરવા માટે ચોક્કસ કંપનીઓની જ દવાઓ દર્દીઓના પ્રિસ્ક્રિપ્શનમાં લખવામાં આવી રહી છે.આ આખું રેકેટ એટલું વ્યવસ્થિત ચાલે છે કે જેમાં કાયદાની છટકબારીઓનો પૂરો ઉપયોગ થાય છે. સરકાર પણ આ કમિશનખોરી સામે લાચાર દેખાઈ રહી છે.ફાર્માસ્યુટિકલ કંપનીઓ ડૉક્ટરો અને મેડિકલ સ્ટોર્સ વચ્ચે મુખ્ય કડીનું કામ કરે છે. આ કમિશન પ્રથાને મેનેજ કરવા માટે દવા કંપનીઓ દ્વારા ખાસ ’સિન્ડિકેટ’ અથવા વિશિષ્ટ પોસ્ટ ઊભી કરવામાં આવી છે, જેમનું કામ માત્ર ડૉક્ટરોની લક્ઝુરિયસ જરૂરિયાતો અને તેમના કમિશનના હિસાબો રાખવાનું છે. એક અંદાજ મુજબ, રાજકોટમાં પ્રિસ્ક્રિપ્શન પર લખાતી કુલ દવાઓમાંથી ૮૦% દવાઓ માત્ર ને માત્ર ઊંચું કમિશન આપતી કંપનીઓની જ હોય છે. જે જેનરિક કે સસ્તી હોવા છતાં દર્દીઓને આભ આંબી જાય તેવા ભાવે વેચાય છે.આવી લૂંટ સામે કાયદાઓ તો બને છે (જેમ કે બ્રાન્ડેડને બદલે જેનરિક નામ લખવાનો નિયમ), પરંતુ ડૉક્ટરોની મજબૂત લોબી અને ફાર્મા કંપનીઓની અબજો રૂપિયાની માયાજાળ સામે સરકારી તંત્ર અને કાયદાના હાથ પણ ટૂંકા સાબિત થઈ રહ્યા છે. પરિણામે, મધ્યમ અને ગરીબ વર્ગનો દર્દી પોતાના લોહી-પરસેવાની કમાણી આ ’સફેદ કોલર’ વાળા લૂંટારુઓના હવાલે કરવા મજબૂર બન્યો છે.


સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર... Rajkot 08 | 09 JULY 2026, THURSDAY

ગ્રાઉન્ડ રિપોર્ટ: શહેરમાં દવાના નામે ચાલી રહ્યો છે જોખમી ખેલ

રાજકોટમાં ‘હેલ્થ સ્કેમ’ ડોક્ટરો જ દવા કંપનીના માલિક?

સાવધાન રાજકોટ : રાજકોટમાં ડોક્ટરો જ લખે છે પોતાની કંપનીની દવા



સિટી ન્યૂઝ@રાજકોટ

કોરોનાકાળ બાદ લોકો પોતાના સ્વાસ્થ્યને લઈને વધુ ચિંતિત બન્યા છે, પરંતુ બીજી તરફ સ્વાસ્થ્યના નામે કમાણી કરવાનો એક મોટો અને જોખમી ખેલ રાજકોટમાં શરૂ થઈ ગયો છે. 'સીટી ન્યુઝ'ના ગ્રાઉન્ડ રિપોર્ટમાં એક એવો ... ઓપરેન્ડી (પદ્ધતિ) એટલી સરળ અને ચોંકાવનારી છે કે કોઈ પણ માથું ખંજવાળવા મજબૂર થઈ જાય. મહિનાના માત્ર ૬ થી ૭ હજાર રૂપિયા ખર્ચીને ૨૦૦ ફૂટની નાની દુકાન કે ઓફિસ ભાડે રાખવામાં આવે છે. આવી કંપનીઓ માટે કોઈ કડક નીતિ-નિયમો જ નથી! માત્ર એક ડ્રગ ... નેટવર્ક ઊભું કરી દેવાય છે. દર્દીઓને છેતરવા માટે એક માસ્ટર પ્લાન ઘડાય છે. આ નવી શરૂ થતી કંપનીઓના ઓફિશિયલ એડ્રેસ (સરનામા) રાજકોટ બહારના રાખવામાં આવે છે, જેથી દર્દી કે સામાન્ય નાગરિકને ક્યારેય શંકા ન જાય કે આ કોઈ લોકલ કે ગલી-

સીટી ન્યુઝનો જનતા અને તંત્રને સીધો સવાલ


ડૉક્ટર જ્યારે કોઈ અજાણી કે મોંઘી

**સવાલ ઉઠે છે... | જ્યારે ડોક્ટર જ કમિશન માટે દવા લખશે, ત્યારે દર્દી કોની પાસે ન્યાય માંગશે ?**

## 'દાન'ના નામે ગેરવ્યવસ્થા? ગૌશાળામાં ચારો પણ બહાર જઈ રહ્યો હોવાનો આરોપ

# લોઠડા ગૌશાળામાં કીચડમાં તડપતી ગાયો, દરરોજ 5 ગાયોના મોતના આક્ષેપોથી હડકંપ

## ગૌશાળામાં ગાયોને ખવડાવવા માટે પૂરતી ગમાણ પણ નથીઃ ગમાણમાં પણ વરસાદી પાણી ભરાઈ જતાં ગાયો માટે પરિસ્થિતિ વધુ ખરાબ બની




ગાયોની સંખ્યાની સરખામણીએ પતરાના પણ હોઠા ન હોવાથી ગાયોને પૂરતું આશ્રય મળતું નથી

**સિટી ન્યૂઝ@રાજકોટ**


રાજકોટ નજીક લોઠડા વડાલીયા ફૂડ પાસે આવેલી શ્રી શ્યામ ગૌશાળામાં ગંભીર અવ્યવસ્થાનો મુદ્દો સામે આવ્યો છે. ગૌશાળામાં અતિશય કીચડ જોવા મળે છે અને ગાયોની સંખ્યાની સરખામણીએ પતરાના શેડ ખૂબ ઓછા હોવાથી ગાયોને પૂરતું આશ્રય મળતું નથી. વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા ન હોવાને કારણે શેડની અંદર પણ કાદવ ભરાઈ જાય છે, જેના કારણે ગાયોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આશરે ૮૦ જેટલી ગાય વચ્ચે માત્ર એક જ ગોવાળ હોવાના કારણે સંભાળમાં પણ ખામી જણાઈ રહી છે.સ્થળ પર મળેલી માહિતી મુજબ, રોજ સવારે એક બોલેરો ગાડીમાં લીલું ચારો લાવવામાં આવે છે, જે રોડ પર ઉતારી દેવામાં આવે છે અને ત્યારબાદ સવારે અને સાંજે ગાયોને આપવામાં આવે છે. જોકે, આ



ચારો બહારના લોકો પણ લઈ જતા હોવાનો ખુલાસો થયો છે. એક વ્યક્તિએ જણાવ્યું કે તે પોતાની ગાય માટે દર બીજા દિવસે અહીંથી લીલું લઈ જાય છે. ગોવાળના જણાવ્યા મુજબ, જેને જરૂર હોય તે ચારો લઈ જઈ શકે છે અને ઈચ્છા મુજબ દાનપેટીમાં રકમ મૂકી શકે છે.ગૌશાળામાં ગાયોને ખવડાવવા માટે પૂરતી ગમાણ (ખોરાક નાંખવાની વ્યવસ્થા) પણ ઉપલબ્ધ નથી. ગમાણમાં પણ વરસાદી પાણી ભરાઈ જતાં ગાયો માટે પરિસ્થિતિ વધુ ખરાબ બની રહી છે. વધુમાં, ગાય બીમાર પડે ત્યારે તાત્કાલિક વેટરનરી ડોક્ટર ઉપલબ્ધ ન હોવાના કારણે ગાયોને વાહનમાં ભરીને બહાર મોકલવી પડે છે. સ્થાનિક સ્તરે મળેલી માહિતી મુજબ, ગૌશાળાના સંચાલક નિખિલભાઈ માત્ર ત્રણથી ચાર દિવસે એક વખત જ મુલાકાત લે છે. ચોંકાવનારી બાબત એ છે કે દરરોજ આશરે ૧૦ થી ૧૫ ગાયોના મોત થવાની અને ૧૫ થી ૨૦ નવી ગાયો ગૌશાળામાં લાવવામાં આવતી હોવાની માહિતી પણ સામે આવી છે. આ સમગ્ર મામલે ગૌશાળાની કામગીરી અને વ્યવસ્થાપન સામે ગંભીર સવાલો ઉભા થયા છે. સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.







80 ગાય વચ્ચે એક જ ગોવાળ સંચાલક ચાર દિવસે એક વાર મુલાકાત લે છે ?

## રાજકોટ મનપાના ફૂડ વિભાગનો સપાટો

# 'વિરમણી સ્વીટ્સ' સીલ ભેળસેળિયા તત્વોમાં ફફડાટ

**66 પેઢીઓ ઝપટે**

**218 કિલો અખાદ્ય અને સડેલા ખોરાકનો નાશ**














## એસ્ટ્રોન ચોક પાસેની વિરમણી સ્વીટ્સમાંથી ફૂગવાળો માવો અને પ્રતિબંધિત કલર કેમિકલ્સ મળતા તાળા મરાયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરતા અને ગંદકી વચ્ચે ખોરાક પીરસતા વેપારીઓ સામે મહાનગરપાલિકા (RMC) ના આરોગ્ય અને ફૂડ વિભાગે લાલ આંખ કરી છે. શુક્રવારે ફૂડ શાખાની ટીમે શહેરમાં મેગા સર્વેલન્સ હાથ ધરીને કુલ ૬૬ જેટલી નામાંકિત પેઢીઓ અને રેસ્ટોરન્ટમાં ચેકિંગનો સપાટો બોલાવ્યો હતો. આ સઘન ચેકિંગ દરમિયાન ૨૧૮ કિલો જેટલો સડેલો, વાસી અને અખાદ્ય ખોરાક ઝડપાયો હતો, જેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો છે. ૨૬ પેઢીઓને નોટિસ ફટકારી કુલ રૂ. ૪૨,000 નો દંડ વસૂલવામાં આવતા ભેળસેળિયા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ફૂડ વિભાગની ટીમે એસ્ટ્રોન ચોક પાસે આવેલી 'વિરમણી સ્વીટ્સ એન્ડ નમકીન' માં દરોડો પાડ્યો હતો. અહીં અત્યંત ગંદી અને અનહાઈજેનિક કન્ડિશનમાં વાસી અને ફૂગવાળો માવો, એક્સપાયરી થઈ ગયેલો મિલ્ક પાવડર, સડેલા બટેટા-શાકભાજી, પ્રતિબંધિત કલર કેમિકલ્સવાળી ચારોળી, અને વાસી સમોસા-કચોરીનો માવો મળી આવ્યો હતો. ટીમે સ્થળ પર જ ૯૧ કિલો અખાદ્ય અને ઝેરી બની ગયેલા ખોરાકનો નાશ કરી પેઢી પાસેથી ૧૦,000 રૂપિયાનો દંડ વસૂલ્યો હતો. લોકોના જીવ જોખમમાં મુકતી આ પેઢીને તાત્કાલિક અસરથી સીલ કરી દેવામાં આવી છે.

### પ્રિન્ટેડ પસ્તી અને ગંદકી બદલ ૨૬ પેઢીઓને નોટિસ

- શહેરમાં ખુલ્લી ખાદ્યચીજો વેચવા, વાપરેલા તેલનો ડબ્બો ડિસ્પ્લે ન કરવા, લાઇસન્સ ન હોવા અને ખાસ કરીને ઝેરી સ્યાહીવાળી 'પ્રિન્ટેડ પસ્તી' માં ફરસાણ આપવા બદલ અનેક નામાંકિત પેઢીઓ દંડાઈ છે.
- ભગવતી ફરસાણ એન્ડ સ્વીટ માર્ટ પાસેથી રૂ. ૫000 નો દંડ.
- વિશાલ સેલ્સ એજન્સી (એક્સપાયરી જથ્થો અલગ ન રાખવા બદલ) પાસેથી રૂ. ૪000 નો દંડ.
- જય બાલાજી ફરસાણ, શ્રી દ્વારિકાધીશ ખમણ હાઉસ, આશા ફરસાણ અને ક્રિષ્ના સેલ્સ એજન્સી પાસેથી પ્રત્યેક રૂ. ૨000 નો દંડ.
- આ ઉપરાંત શ્રી લક્ષ્મી લાઈવ પટ્ટી સમોસા, જલિયાણ ફરસાણ, આઈ શ્રી ખોડીયાર ફરસાણ, રમેશ સ્વીટ, મોમાંઇ ફરસાણ, શ્રીનાથજી સાબુદાણા ખિચડી અને મનીષ ફરસાણને રૂ. ૧000 નો દંડ ફટકારી કડક નોટિસ આપવામાં આવી છે.

### મયુર ભજીયામાંથી એક્સપાયરી ડેટવાળું પાણી પકડાયું; ગંદકી સબબ 42,000 નો દંડ વસૂલાયો

આ ઉપરાંત સાધુ વાસવાણી રોડ પર અજંતા પાર્ક ખાતે આવેલા 'બેસ્ટ મયુર ભજીયા' માં તપાસ કરતા તંત્ર પણ ચોંકી ઉઠ્યું હતું. ત્યાંથી એક્સપાયરી ડેટ વીતી ગઈ હોય તેવી ૨00 ml અને ૧ લીટરની પેક્ડ પાણીની ૩૫0 બોટલો (કુલ ૧00 લીટર) ગ્રાહકોને પધરાવવા માટે રાખવામાં આવી હતી. જેનો અને ૬ કિલો સડેલા શાકભાજી તથા બ્રેડનો નાશ કરી રૂ. ૫00 નો દંડ વસૂલાયો હતો અને મીઠી ચટણીનો નમૂનો લેવામાં આવ્યો હતો.

### 15 થી વધુ ડેરીઓમાંથી દૂધના નમૂના લેવાયા

દૂધમાં થતી ભેળસેળ અને કૃત્રિમ દૂધના વેચાણને અટકાવવા મનપા દ્વારા 'મિલ્ક ચેકિંગ ડ્રાઈવ' શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત શહેરની મધુરમ ડેરી (સાધુવાસવાણી રોડ), જય દ્વારકાધીશ ડેરી, શ્રી વૃંદાવન ડેરી (યુનિવર્સિટી રોડ), ગંગોત્રી ડેરી, બંસીધર ડેરી, શ્રી રાધે ડેરી (રૈયા રોડ), મોમાઈ ડેરી (કોઠારીયા), વિશાલ ડેરી (મંગળા મેઈન રોડ), રીયલ ડેરી અને ગોપાલ ડેરી ફાર્મ (મવડી) સહિતની વિવિધ જગ્યાઓ પરથી ગાય, ભેંસ અને મિક્સ દૂધના લૂઝ નમૂના લેવામાં આવ્યા છે. FSSAI એક્ટ હેઠળ લેવાયેલા કુલ ૧૭ નમૂનાઓને વધુ પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ કડક કાર્યવાહી કરાશે.

## માયાભાઈ આહિરને કોંગ્રેસ નેતાએ જાહેરમાં બેનર લગાવી આપ્યો જવાબ

# માયાભાઈ આહિર માફી માંગે ! કોંગ્રેસ




**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાતમાં હાલ માયાભાઇ આહિરના એક લોક્ડાયરાનો વિડીયો ખુબ જ ચર્ચાનું વિષય બન્યો છે. અને તે પર જ હવે કોંગ્રેસ પણ ભડક્યું છે. અને કોંગ્રેસ નેતાએ તો બેનર લગાવી અને માયાભાઇ આહીરનો ઉધડો લીધો છે. સુરતમાં ૨ જુલાઈના રોજ સેવા નિવૃત્ત થયેલા પોલીસ અધિકારી જયરાજસિંહ ગઢવીના વિદાય સમારોહ દરમિયાન લોકસાહિત્યકાર માયાભાઈ આહિરે કરેલી ટિપ્પણી હવે રાજકીય ચર્ચાનું કેન્દ્ર બની ગઈ છે. ડાયરાના કાર્યક્રમ દરમિયાન સોશિયલ મીડિયા પર પોલીસના વીડિયો બનાવતા કેટલાક લોકોનો ઉલ્લેખ કરતાં તેમણે ટેક્સ અને સરકારી કર્મચારીઓના પગારને લઈને નિવેદન આપ્યું હતું. આ નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં વિવિધ પ્રતિક્રિયાઓ સામે આવી રહી છે. માયાભાઈ આહિરના નિવેદન સામે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી રાજેશ સોનીએ ખુલ્લો વિરોધ નોંધાવ્યો છે. તેમણે સુરત શહેરમાં પોસ્ટર લગાવી આ નિવેદનને સામાન્ય નાગરિકો અને કરદાતાઓનું અપમાન ગણાવ્યું છે. પોસ્ટરમાં લખવામાં આવ્યું છે કે પ્રજા રોજિંદા જીવનમાં વિવિધ પ્રકારના કર ચૂકવે છે અને સરકારી તંત્રના ખર્ચમાં પોતાનો ફાળો આપે છે.




## આવા કલાકારોનો બહિષ્કાર કરવાનો સોશિયલ મીડિયામાં ટ્રેન્ડ

### પુરુષોત્તમ પીપળિયાએ પોસ્ટ મુકી કલાકારો સામે મોરચો માંડ્યો

## જનતાના ટેક્સના પૈસે ડાયરા કરી લોકોને જ વગોવી રહ્યા છે !



**સિટી ન્યૂઝ@રાજકોટ**

જાણીતા કલાકાર તથા લોકસાહિત્યકાર માયાભાઈ આહિર દ્વારા લોક ડાયરામાં ટેક્સ વેરા અંગે આપવામાં આવેલા એક નિવેદનનો વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. રાજકોટના સામાજિક અગ્રણી પુરુષોત્તમ પીપળીયાએ આ મામલે સોશિયલ મીડિયા પર એક ચોંકાવનારી પોસ્ટ મૂકીને કલાકારો સામે મોરચો માંડ્યો છે.પુરુષોત્તમ પીપળીયાએ આ પોસ્ટમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કલાકારોને ચૂકવવામાં આવેલી મોટી રકમનો ખુલાસો કરવામાં આવતા જ સોશિયલ મીડિયા પર નેટીઝન્સ અને કરદાતાઓનો આક્રોશ વરસી રહ્યો છે.પુરુષોત્તમ પીપળીયાએ સત્તાવાર વિગતો આપતા સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આયોજિત કાર્યક્રમમાં ડાયરો કરવા માટે માયાભાઈ આહિરને ૩.૫૦ લાખ ચૂકવવામાં આવ્યા હતા. આ ઉપરાંત અન્ય જાણીતા કલાકાર કીર્તિદાન ગઢવીને બે ડાયરા કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧૦ લાખ જેવી મોટી રકમ ચૂકવાઈ હોવાનો આરોપ લગાવાયો છે. પીપળીયાએ ગંભીર આક્ષેપ કર્યો છે કે, કલાકારોએ જનતાના પરસેવાના અને ટેક્સના પૈસાથી ડાયરો કર્યો છે અને તે જ ડાયરાના સ્ટેજ પરથી સામાન્ય નાગરિકોને વગોવવા કે તેમની મજાક ઉડાવવી તે જરાય યોગ્ય નથી.




# સુરતમાં ડિમોલિશન મ્યૂ. કમિશનરનો આદેશ હતો !

નાસીરનગર ડિમોલિશનમાં નવો વળાંક

## સસ્પેન્ડેડ એન્જિનિયર સુજલ પ્રજાપતિએ પોલ ખોલી નાંખી

## એન્જિનિયરે હાઈકોર્ટમાં કહ્યું કમિશનર એમ.નાગરાજે મને વોટ્સએપ મેસેજ કર્યો હતો તેઓની સૂચનાથી અમે ગયા હતા

**સિટી ન્યૂઝ@સુરત**

નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં સસ્પેન્ડ કરાયેલા સુરત મહાનગરપાલિકાના એક્ઝિક્યુટિવ એન્જિનિયર સુજલ પ્રજાપતિએ ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દાખલ કરી સસ્પેન્શનના આદેશને પડકાર્યો છે. અરજીમાં તેમણે સસ્પેન્શનને પૂર્વગ્રહપૂર્ણ, એકતરફી અને કુદરતી ન્યાયના સિદ્ધાંતોના વિરુદ્ધ ગણાવી સેવા પર પુનસ્થાપિત કરવાની માંગ કરી છે.

પ્રજાપતિએ હાઈકોર્ટ સમક્ષ રજૂઆતમાં દાવો કર્યો છે કે તેઓ ૨૧ મે, ૨૦૨૬ના રોજ મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજનની સૂચનાના આધારે નાસીરનગર ડિમોલિશન સ્થળે પહોંચ્યા હતા. આ દાવાના સમર્થનમાં તેમણે વોટ્સએપ ચેટ્સ, ડિજિટલ સંચારના સ્ક્રીનશોટ તેમજ અન્ય સંબંધિત



દસ્તાવેજો પણ કોર્ટમાં રજૂ કર્યા હોવાનું અરજીમાં જણાવાયું છે.

અરજીમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે આંતરિક તપાસ દરમિયાન તેમની રજૂઆતને અવગણી તેમને માત્ર બલિનો બકરો બનાવવામાં આવ્યા છે. ડિમોલિશનની કાર્યવાહી સેન્ટ્રલ ઝોન હેઠળ થઈ હોવા છતાં પોતાની કોઈ નિર્ણયાત્મક ભૂમિકા ન હોવાનો પણ તેમણે દાવો કર્યો છે. સાથે જ તપાસ પ્રક્રિયા પૂર્વનિયોજિત હોવાનો પણ સંકેત આપવામાં આવ્યો છે.

બીજી તરફ મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજને આક્ષેપોને નકારી કાઢતાં જણાવ્યું હતું કે તેમણે કોઈ આદેશ કે સૂચના આપી નહોતી. માત્ર મળેલી રજૂઆત ફોરવર્ડ કરવામાં આવી હતી અને આગળ શું કરવું તે સંબંધિત અધિકારીઓએ નક્કી કરવાનું હતું. સમગ્ર મામલે વિગતવાર ખુલાસો હાઈકોર્ટમાં કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું.

ઉલ્લેખનીય છે કે નાસીરનગર ડિમોલિશન પ્રકરણ હાઈકોર્ટની ટિપ્પણીઓ બાદ રાજ્યભરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. હવે હાઈકોર્ટમાં રજૂ થયેલા દસ્તાવેજો અને પુરાવાઓના આધારે સમગ્ર કેસમાં વધુ કાયદાકીય અને વહીવટી વળાંક આવવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે, જેના કારણે મનપાના વહીવટી તંત્રમાં પણ ચકચાર મચી છે.



### કમિશનરે સ્પષ્ટ કર્યુ ડિમોલિશનમાં કોર્પોરેશનનો સ્ટાફ નથી ગયો

આ સમગ્ર મામલે મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજને જણાવ્યું હતું કે, કોઈ આદેશ આપવામાં આવ્યો નહોતો, જે રજૂઆત મળેલી હતી માત્ર તેને જ ફોરવર્ડ કરવામાં આવી છે. તેની ઉપર શું કરવું કે ન કરવું એ તેમણે પોતાની રીતે જોવાનું છે. મેં કોઈ સૂચન કર્યું નથી અને જે પણ ખુલાસો હશે તે હું હાઈકોર્ટમાં કરીશ.

### ઉપરથી સૂચના આવી ને મનપાના કર્મચારીએ જ ટોરેન્ટને નાસીરનગરમાં પાવર કટ કરવા ફોન કર્યો

સુરતના નાસીરનગરમાં થયેલા ભૂતિયા ડિમોલિશન મામલે દરરોજ નવા વળાંકો આવી રહ્યા છે. સ્થાનિક રહીશોના આક્રોશ અને વહીવટી તંત્રના ભેદી મૌન વચ્ચે હવે આ સમગ્ર ષડયંત્રમાં ઇન્વેસ્ટિગેશન કરીને એક સચોટ પુરાવો મેળવ્યો છે, જે સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ–કર્મચારીઓની સીધી સંડોવણી અને મિલિભગત તરફ આંગળી ચીંધે છે. આ પુરાવાએ સાબિત કરી દીધું છે કે જે ડિમોલિશનને અજાણ્યું કે અચાનક થયેલું બતાવવામાં આવી રહ્યું હતું, તેની પટકથા કલાકો પહેલાં જ ખૂબ જ આયોજનબદ્ધ રીતે ઘડી કાઢવામાં આવી હતી. ગત 30મી મેના રોજ નાસીરનગરમાં જ્યારે JCB સહિતની મશીનરીઓ સાથે ડિમોલિશનની ગેરકાયદેસર કાર્યવાહી શરૂ થવાની હતી, તેના બરાબર પહેલાં જ તંત્રના અમુક માણસો પડદા પાછળ સક્રિય થઈ ગયા હતા.

ઇન્વેસ્ટિગેશનમાં સામે આવ્યું છે કે, 30 મે, ૨૦૨૬ની સવારે બુલડોઝર ફરે તે પહેલાં જ સુરત મનપાના સેન્ટ્રલ ઝોનના લાઈટ વિભાગના ઈલેક્ટ્રીક સુપરવાઈઝર શૈલેષભાઈ નામના કર્મચારીએ ટોરેન્ટ પાવરમાં સત્તાવાર ફરિયાદ (કમ્પ્લેન) નોંધાવી હતી. આ ફરિયાદ નાસીરનગરમાં વીજ પુરવઠો તાકીદે બંધ કરવા અથવા લાઈનો કાપવા અંગેની હતી. જેથી ડિમોલિશનની કામગીરી વખતે કરંટ લાગવાની કોઈ દુર્ઘટના ન ઘટે અને કોઈ પણ અડચણ વગર ગણતરીની મિનિટોમાં આખું ઓપરેશન પૂરું કરી શકાય. શૈલેષભાઈ સાથે સીધો સંપર્ક કર્યો અને 30 તારીખે વહેલી સવારે ટોરેન્ટ પાવરમાં નોંધાવેલી કમ્પ્લેન વિશે તીખા સવાલો પૂછ્યા, ત્યારે તેઓ કોઈ સ્પષ્ટ જવાબ આપી શક્યા નહોતા. તેમણે જણાવ્યું હતું કે નાસીર નગરમાં પાવર કટ કરવાની કમ્પ્લેન તો મે જ કરી હતી. પરંતુ અમને ઉપરથી કમ્પ્લેન આવી હતી એટલે કે નાસીર નગરમાંથી હવે તે ફોન કોણે કર્યો છે તે ખબર નથી અમે નામ પૂછવાનું ભૂલી ગયા છીએ એવો ગોળ ગોળ જવાબ આપ્યો હતો.

## રાજસ્થાન મોડેલની માંગઃ આંદોલન પાર્ટ-3નું રણશિંગુ ફુંકાયું

# ખેડુતોનું અલ્ટીમેટમ; ચાર ગણું વળતર નહીં મળે તો થાંભલા ઉખેડી નાખીશું




**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબીના જેતપર ગામેથી આંદોલન પાર્ટ ૩ માટેનું રણશિંગુ ફૂંકવામાં આવ્યું છે જેના ભાગરૂપે સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લામાંથી ખેડૂત આગેવાનો અને સરપંચોને બુધવારે રેટ બોલાવવામાં આવ્યા હતા અને તેઓની સાથે આંદોલન પાર્ટ ૩ માટેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને ખેડૂતોના ખેતરમાં ઊભા કરવામાં આવતા વીજ થાંભલા સામે જો પૂરતું વળતર કાપવામાં ન આવે તો થાંભલાને ઉખેડી નાખવાની ચીમકી ખેડૂતો ઉચ્ચારી રહ્યા છે. દરમ્યાન ગુરુવારે રાતે જે ૧૨ જિલ્લાના આગેવાનો સાથે બેઠક કરવામાં આવી હતી તેમાં સાબરકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર, અમદાવાદ, આણંદ, વડોદર, ભરુચ, સુરત, વાવ-થરાદ, મહેસાણા, ગાંધીનર અને નર્મદા જિલ્લાનો સમાવેશ થતો હતા. આ બેઠકમાં આવેલા ખેડૂતોએ સરકારને ખુલ્લી ચેતવણી આપતા કહ્યું હતું કે જો ખેડૂતોને તેમની જમીનમાં નાખવામાં આવતા વીજપોલ સામે પૂરતું વળતર નહીં આપવામાં આવે તો હાલમાં ખેડૂતો સરકારને હટાવવા માટે એકત્રિત થયા નથી પરંતુ વળતર નહીં મળે તો ભાજપ વિરોધી મતદાન કરતા પણ ખેડૂતો અચકાશે નહીં અને આગામી સમયમાં આંદોલન પાર્ટ ૩ શરૂ થશે તે પૂરા આક્રોશ સાથે હશે અને તેના માટેની તમામ જવાબદારીઓ સરકારની રહેશે.તાજેતરમાં સરકાર દ્વારા વીજ કંપનીના વીજ પોલ અને કોરિડોર માટે વળતરનો જે નવો પરિપત્ર જાહેર કરવામાં આવ્યું છે તેને ૧૨ જિલ્લામાંથી આવેલા ખેડૂતોએ લોલીપોપ સમાન ગણાવ્યો છે અને જે રીતે રાજસ્થાનમાં સરકાર ચાર ગણું વળતર ચૂકવે છે તેવી જ રીતે ગુજરાતમાં ખેડૂતોને પણ ચાર ગણું વળતર જોઈએ અને તે નહીં મળે તો ખેડૂતોના ખેતરમાં થાંભલા ઉભા કરવા નહીં દઈએ તેવી ચેતવણી આપવામાં આવી છે.

આમ છેલ્લા બે દિવસમાં ગુજરાતના ૨૪ જેટલા જિલ્લામાંથી ખેડૂત આગેવાનો જેતપર ઉપવાસી છાવણી ખાતે આવ્યા હતા અને તેઓએ પોતાના સૂચન આપ્યા હતા. હવે આગામી દિવસોમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયત લેવલે ખેડૂતોની સમિતિઓ બનાવવામાં આવશે અને ત્યાર બાદ આયોજન પૂર્વક વળતર મેળવવા આંદોલન પાર્ટ ૩ શરૂ કરવામાં આવશે તેવી માહિતી આંદોલન સમિતિના સભ્યએ આપી હતી.




### રાજીનામું સ્વીકારતા નથી, 7 મહિનાથી મંજુર ન કરી ધમકીઓ આપે છે

# નાના માણસોને ન્યાય નથી મળતો માટે પોલીસ કોન્સ્ટેબલનું રાજીનામું !

## રાજકોટમાં સમાજ સેવા કરવા પોલીસ કોન્સ્ટેબલે નોકરી છોડી



> અત્યારે ખેડૂતો ગરીબોને ન્યાય નથી મળતો નોકરી છોડી 'આપ'માં જોડાવાની ઈચ્છા



પ્રતિ,
પોલીસ મહાનિદેશકશ્રી,
ગુજરાત રાજ્ય પોલીસ,
ગાંધીનગર.

મહોદય,

## રેન્જ IG, DGP અને માનવ અધિકાર પંચ સુધી લેખિત રજૂઆત કરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય પોલીસમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ સાગર ઝાપડિયાએ સાત મહિના પૂર્વે નોકરીમાંથી આપેલું સ્વૈચ્છિક રાજીનામું મંજૂર ન થતાં મીડિયા સમક્ષ પોતાની આપવીતી જણાવી છે. કોન્સ્ટેબલે આક્ષેપ કર્યો છે કે, સમાજમાં ખેડૂતો અને નાના માણસોને ન્યાય ન મળતો હોવાથી તેઓ નોકરી છોડીને સમાજ સેવા કરવા માંગે છે, પરંતુ વહીવટી તંત્ર દ્વારા તેમનું રાજીનામું મંજૂર કરવાના બદલે તેમને માનસિક ત્રાસ આપી કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપવામાં આવી રહી છે.કોન્સ્ટેબલ સાગર ઝાપડિયાના જણાવ્યા મુજબ, સાત મહિના પહેલા રાજીનામું આપ્યા બાદ તેમણે જિલ્લા પોલીસ વડા (SP)ને રૂબરૂ મળીને રજૂઆત કરી હતી. ત્યારબાદ તેમના પરિવારના સભ્યો પણ એસપીને મળવા ગયા હતા. આક્ષેપ છે કે, એસપી સાહેબે રાજીનામું મંજૂર કરવાના બદલે ધમકી આપી હતી કે, તમારા દીકરાને કહો ચૂપચાપ નોકરી કરે, નહીંતર તેના પર ખોટા કેસ કરી લોકઅપમાં બેસાડી દેશું અને જિંદગી બરબાદ કરી નાખીશું.' પોલીસ તંત્ર તરફથી મળી રહેલી ધમકીઓ અને માનસિક ત્રાસ અંગે કોન્સ્ટેબલે સૌપ્રથમ રેન્જ IGને લેખિત રજૂઆત કરી હતી. ત્યાંથી એક મહિના સુધી કોઈ જવાબ ન મળતા તેમણે ગુજરાતના પોલીસ વડા (DGP) અને માનવ અધિકાર પંચને પણ લેખિતમાં ફરિયાદ કરી હતી. કોન્સ્ટેબલે આક્ષેપ કર્યો છે કે, આ રજૂઆતો બાદ બદલાની ભાવનાથી તેમની ૧૦૦ કિલોમીટર દૂર ખોટી રીતે બદલી કરી દેવામાં આવી છે. ભારતના બંધારણ મુજબ દરેક નાગરિકને જીવન જીવવાનો અધિકાર છે, માટે હું રાજીનામુ આપી મારી રીતે જીવન જીવવા માંગુ છું. મારે નોકરી નથી કરવી એટલે મેં રાજીનામુ આપ્યું છે.રાજનીતિ વિશે પૂછવામાં આવતા પોલીસ કોન્સ્ટેબલ સાગર ઝાપડિયાએ જણાવ્યું કે, હાલના સમયમાં ખેડૂતો પર અત્યાચાર અને અન્યાય થાય છે. તેમજ નાના માણસોને ન્યાય નથી મળતો. આ પરિસ્થિતિ જોઈને હું સમાજ સેવા કરવા માંગુ છું.

### છેલ્લા 10 વર્ષનું રિપોર્ટ કાર્ડઃ નીતિ આયોગનો ચોંકાવનારો અહેવાલ

# દેશનું શિક્ષણ સંકટમાંઃ દરરોજ 25 શાળાઓ બંધ થાય છે !

- 10 વર્ષમાં ભારતભરમાં 94000 સરકારી શાળાઓ બંધ થઈ
- 2014માં 11.9 લાખ શાળા હતી 2025માં 10.13 લાખ થઈ ગઈ
- 10 વર્ષમાં ખાનગી શાળાઓની સંખ્યા 2.88 લાખથી વધીને 3.39 લાખ થઈ



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

નીતિ આયોગના તાજેતરના અહેવાલ મુજબ, છેલ્લા દાયકા (૧૦ વર્ષ) માં સમગ્ર ભારતમાં ૯૪,૦૦૦ સરકારી શાળાઓ બધં થઈ ગઈ છે. આ આંકડા ચોંકાવનારા છે અને ગ્રામીણ ભારતમાં શાળા શિક્ષણ સામેના નોંધપાત્ર સંકટને ઉજાગર કરે છે. છેલ્લા ૧૦ વર્ષોમાં, ભારતમાં દરરોજ સરેરાશ ૨૫ શાળાઓ બધં થઈ છે. આ બધં થતી શાળાઓમાં સૌથી મોટી સંખ્યા સરકારી શાળાઓની છે, જેના પરિણામે કુલ શાળા નોંધણીમાં ૨.૨૬ કરોડનો મોટો ઘટાડો થયો છે. નીતિ આયોગના અહેવાલ મુજબ, દેશમાં સરકારી શાળાઓની સંખ્યા ૨૦૧૪૧૫માં ૧૧.૦૭ લાખથી ઘટીને ૨૦૨૪૨૫માં ૧૦.૧૩ લાખ થઈ ગઈ છે. આ જ સમયગાળા દરમિયાન, સરકારી સહાયિત શાળાઓની સંખ્યા પણ ૮૩,૦૦૦ થી ઘટીને ૭૯,૦૦૦ થઈ ગઈ છે. બીજી બાજુ, આ જ ૧૦ વર્ષમાં, ખાનગી શાળાઓની સંખ્યા ૨.૮૮ લાખથી વધીને ૩.૩૯ લાખ થઈ છે. નીતિ આયોગના આ અહેવાલનું શીર્ષક ભારતમાં શાળા શિક્ષણ પ્રણાલી ગુણવત્તા વૃદ્ધિ માટે ટેમ્પોરલ વિશ્લેષણ અને નીતિ માર્ગદર્શક છે. આ અહેવાલ મુજબ, દેશમાં શાળાઓમાં કુલ નોંધણી ૨૦૧૪૧૫ માં ૨૬.૯૫ કરોડ વિદ્યાર્થીઓથી ઘટીને ૨૦૨૪૨૫ માં ૨૪.૬૯ કરોડ થઈ ગઈ છે.અહેવાલમાં પ્રજનન દરમાં ઘટાડો, શાળાઓનું વિલીનીકરણ અને ઉચ્ચ વર્ગોમાં બાળકોને જાળવી રાખવામાં પડકારોને કારણે શાળાવયની વસ્તીમાં ઘટાડો દર્શાવવામાં આવ્યો છે.શાળા એકીકરણ નીતિ હેઠળ, કેન્દ્ર સરકાર અને નીતિ આયોગે સંસાધનોનો વધુ સારી રીતે ઉપયોગ કરવા માટે ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી નજીકની શાળાઓનું મર્જર કયુ છે. જો કે, શિક્ષણ ક્ષેત્રે કામ કરતા સામાજિક કાર્યકરો કહે છે કે આ નીતિને કારણે બાળકોની નોંધણીમાં પણ ઘટાડો થયો છે. યારે પડોશની શાળાઓ બધં થાય છે, ત્યારે ઘણા બાળકો (ખાસ કરીને છોકરીઓ) વધેલા અંતરને કારણે શાળા છોડી દે છે.અહેવાલ પ્રાથમિક સ્તર પછી વિદ્યાર્થીઓ શાળા છોડી દેતા હોવાની ઐંડી ચિંતા વ્યકત કરે છે. પ્રાથમિક ધોરણો (૧ થી ૫) માં ડ્રોપઆઉટ દર ખૂબ જ ઓછો છે જે ફકત ૦.૩ટકા છે. જોકે, ઉચ્ચ પ્રાથમિક (૬ થી ૮) માં તે વધીને ૩.૫ટકા થાય છે. માધ્યમિક સ્તર (૯ અને ૧૦) સુધીમાં, તે ખતરનાક ૧૧.૫ટકા સુધી પહોંચે છે. વધુમાં, ૮મા ધોરણથી ૯મા ધોરણમાં પહોંચતા વિદ્યાર્થીઓનો દર પણ ૨૦૧૪૧૫ માં ૯૧.૫૮ટકા થી ઘટીને ૨૦૨૪૨૫ માં ૮૬.૬ટકા થયો છે. યારે પુડુચેરી અને કેરળ જેવા રાયોમાં દર ૯૯.૬ટકા છે, ત્યારે બિહાર, ઉત્તર પ્રદેશ, ઝારખંડ, મધ્ય પ્રદેશ, મેઘાલય, મિઝોરમ, અણાચલ પ્રદેશ અને નાગાલેન્ડ જેવા રાયોમાં દર નોંધપાત્ર રીતે ઓછો છે.

### આંકડા બોલે છે સત્યઃ રાજ્યનું શિક્ષણ અંધકાર તરફ

## ગુજરાતમાં 30 લાખ બાળકો સ્કુલમાં ભણવા જતા નથી

### ગુજરાતમાં 2335 સ્કુલોમાં માત્ર એક શિક્ષક વિદ્યાર્થીઓની સંખ્યા 80 હજાર

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ગુજરાતમાં ૫થી ૧૭ વર્ષના ૩૦.૬૩ લાખ બાળકો સ્કૂલે જતા નથી. કેન્દ્રીય શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરાયેલા રિપોર્ટ યુનિફાઇડ ડિસ્ટ્રિક ઇન્ફર્મેશન સિસ્ટમ ઑફ એજ્યુકેશન પ્લસ (UDISE+) ૨૦૨૫-૨૬ મુજબ, રાજ્યમાં ૫-૧૭ વર્ષના એટલે કે ધો.૧થી ૧૨માં ભણવાલાયક ૧.૩૬ કરોડ વિદ્યાર્થી હતા, તેમાંથી ૧.૦૬ કરોડ વિદ્યાર્થીઓએ સ્કૂલમાં એડમિશન લીધું હતું. આ સાથે ધોરણ-૧માં પ્રવેશ લેતાં દર ૧૦૦માંથી ૪૫થી વધુ વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ સુધી પહોંચતાં જ નથી.રિપોર્ટ મુજબ, ૨૦૨૫-૨૬માં ગુજરાતની ૫૮ સ્કૂલોમાં એક પણ વિદ્યાર્થીએ એડમિશન લીધું નહોતું, પરંતુ આ સ્કૂલોમાં ૭૪ શિક્ષકો હતા. જ્યારે દેશની ૭૯૯૩ સ્કૂલોમાં પણ એક પણ વિદ્યાર્થીએ એડમિશન લીધું નહોતું. પશ્ચિમ બંગાળમાં આવી સૌથી વધુ ૩૮૧૨ અને તેલંગાણામાં ૨૨૪૫ સ્કૂલો હતી.ગુજરાતમાં ૫૩ હજારથી વધુ સ્કૂલમાંથી ૨૩૩૫ એવી છે તેમાં માત્ર એક જ શિક્ષક છે. જ્યારે આ સ્કૂલમાં કુલ વિદ્યાર્થીની સંખ્યા ૮૦ હજાર છે. ૨૦૨૨-૨૩માં એક શિક્ષક વાળી સ્કૂલ ૧૭૫૪ હતી, ૨૦૨૩-૨૪માં ૨૪૬૨ અને ૨૦૨૪-૨૫માં ૨૯૩૬ હતી. ગત વર્ષ કરતાં એક શિક્ષકવાળી સ્કૂલમાં ઘટાડો થયો છે.

## પાંડેસરાના પુરગ્રસ્ત મહિલાઓએ ધારાસભ્ય મનુ પટેલ સામે રોષ ઠાલવ્યો

# સુરતમાં મહિલાઓએ ભાજપ ધારાસભ્યને ઘેર્યા: ચૂંટણીમાં આવ્યા, તકલીફમાં કેમ નહીં !

### મહિલાઓએ કહ્યું, અમારે ઘરો પાણીમાં ડુબી ગયા ! ખાવા–પીવાના ફાંફા હતા છતાં ત્રણ દિવસ સુધી અમને કોઈ જોવા આવ્યું નથી

**સિટી ન્યૂઝ@સુરત**

સુરત શહેરમાં પૂરના કારણે લાખો લોકોની સ્થિતિ અત્યંત દયનીય અને ચિંતાજનક બની ગઈ છે. સતત ત્રણ દિવસ સુધી ખાડીના પૂરના પાણી રહેણાંક વિસ્તારોમાં ભરાઈ રહેતા સ્થાનિક લોકો માટે તે માથાનો દુખાવો સાબિત થયા હતા. પૂરની આ વિકટ પરિસ્થિતિ દરમિયાન અનેક વિસ્તારો એવા હતા જ્યાં વહીવટી તંત્રના અધિકારીઓ કે સ્થાનિક નેતાઓ ડોકાયા પણ નહોતા, જેના કારણે લોકોને કોઈ પણ પ્રકારની પ્રાથમિક સુવિધા કે મદદ મળી શકી ન હતી. આ આકાશી અને વહીવટી સુસ્તીના કારણે જનતામાં ભારે રોષ વ્યાપેલો હતો. આ જ લોકરોષનો ભોગ સુરતના ઉધના વિસ્તારના ભાજપના ધારાસભ્ય મનુ પટેલ બન્યા છે. તેઓ જ્યારે પૂર પ્રભાવિત વિસ્તારોની મુલાકાતે વોર્ડ નંબર ૨૮ના પાંડેસરા વિસ્તારમાં પહોંચ્યા, ત્યારે ત્યાં હાજર મહિલાઓએ તેમને ઘેરી લીધા હતા અને પોતાની ભડાશ કાઢી હતી.



# નવા રોડ પાપડની જેમ તુટી રહ્યા છે



**સુરતમાં ભ્રષ્ટાચાર ઉપસીને બહાર આવતા લોકોએ હાથમાં પોપડા ઉપાડી વીડિયો બનાવ્યો**

સુરતના ડિંડોલીમાં બે મહિના પહેલા જ ૩ કરોડ રૂપિયાના ખર્ચે બનાવાયેલા ૧૮૦ ફૂટનો રોડ વરસાદમાં ઉખડી જતા લોકોનો ગુસ્સો ફૂટી નીકળ્યો છે. સામાન્ય રીતે વરસાદમાં ડામર ધોવાઈ જતો હોય છે પરંતુ, અહીં તો જાણે ભૂંકપ આવ્યો હોય અને જમીનના ટુકડા થઈ ગયા હોય તેવા દ્રશ્યો સર્જાતા લોકો રસ્તાની ગુણવત્તાને લઈ સવાલો ઉઠાવી રહ્યા છે. ઘટનાસ્થળ પર પહોંચી વીડિયો બનાવી રોષ ઠાલવી રહ્યા છે.સુરતમાં ભારે વરસાદની સમસ્યામાંથી લોકો બહાર નથી આવ્યા ત્યાંજ બિસમાર રસ્તાઓની સમસ્યા સામે આવવા લાગી છે. ડિંડોલી વિસ્તારમાં ૨ મહિના પહેલા જ ૩ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા નવાનક્કોર રસ્તાના પોપડા ઉખડી જતા રસ્તાની ગુણવત્તાને લઈ સવાલ ઉઠ્યા છે.

### સુરતમાં હર્ષ સંઘવીની હાઈ લેવલ બેઠક

# 800થી વધુ પરિવારોને 6800 કેશડોલ અપાશે




સુરત શહેરમાં ભારે વરસાદને કારણે ૭ જુલાઈએ સર્જાયેલી ખાડી પૂરની ગંભીર પરિસ્થિતિ બાદ રાજ્ય સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ૯ જુલાઈની મોડીરાત્રે ઉચ્ચ અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ રિવ્યુ બેઠક યોજીને પૂર રાહત અંગે જાહેરાતો કરી હતી. આ બેઠકમાં સરકારનો મુખ્ય ભાર પ્રભાવિત વિસ્તારોમાં ઝડપી સર્વે અને કેશડોલ ચૂકવણી પર રહ્યો છે. અત્યાર સુધીમાં યુદ્ધના ધોરણે કામગીરી કરીને કુલ ૯૧૦૦ પરિવારોનો ડોર-ટુ-ડોર સર્વે સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યો છે. જે અંતર્ગત પ્રથમ તબક્કામાં ૮૦૦થી વધુ પરિવારોને ૬,૮૦૦ લેખે ઘરવખરી નુકસાની અને કેશડોલની સહાય સીધી ચૂકવી દેવામાં આવી છે. બાકી રહેલા તમામ અસરગ્રસ્ત પરિવારોને આજે મોડીસાંજ સુધીમાં તેમની સોસાયટીઓ સુધી પહોંચીને રોકડ સહાય આપી દેવા માટે વહીવટી તંત્રની જુદી-જુદી ટીમો મેદાનમાં ઉતારી દેવામાં આવી છે.


### અમદાવાદમાંથી કોલ સેન્ટર ઉભુ કર્યુ હતું


# ‘સેક્સ પાવર’ વધારવાની દવા નામે ઠગાઈનું કૌભાંડ

## 5000 ગ્રાહકો ફસાયા, દવાની એડ પછી ખંડણીનો ખેલ



### દવાનું પાર્સલ ઓનલાઈન મંગાવતા ગ્રાહકને પોલીસ અધિકારી બની ધમકાવતા તેઓ કહેતા પ્રતિબંધિત શક્તિવર્ધક દવા ઓનલાઈન મંગાવી : ગ્રાહક બધૂ છૂપાવવા રૂપિયા આપી દેતા





**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

સોશિયલ મીડિયા પર ’સેક્સ પાવર’ વધારવાની દવાઓની જાહેરાતો આપી હજારો ગ્રાહકોને બ્લેકમેલ કરતા આંતરરાજ્ય નેટવર્કનો CID ક્રાઈમે પર્દાફાશ કર્યો છે. ગાંધીનગર સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે અમદાવાદના વસ્ત્રાલમાં ધમધમતા કોલ સેન્ટર પર દરોડો પાડી UP ના મુખ્ય સૂત્રધાર અને એક યુવતી સહિત ૭ ભેજાબાજોની ધરપકડ કરી છે. ટોળકીએ ૫૦૦૦ થી વધુ લોકોને શિકાર બનાવી ૫ કરોડથી વધુની ઉઘાડી લૂંટ ચલાવ્યાનો ખુલાસો થયો છે. આ ગઠિયાઓ ફેસબુક-ઈન્સ્ટાગ્રામ પર "શક્તિવર્ધક દવા" ની જાહેરાતો આપતા. ગ્રાહક પાર્સલ મેળવી નાણાં ચૂકવે, ત્યારે આ ઠગો નકલી પોલીસ કે ડોક્ટર બની ફોન કરતા અને ડરાવતા કે ’પ્રતિબંધિત દવા’ મંગાવવા બદલ FIR કરી ધરપકડ કરાશે. બદનામી અને જેલના ડરથી ફફડી ગયેલા ગ્રાહકો કેસ રફેદફે કરવા ૨૦૦૦ થી ૧ લાખ રૂપિયા સુધીની ખંડણી આપી દેતા. પાર્સલ ન સ્વીકારનારને પણ ધમકાવાતા હતા.

વસ્ત્રાલના ૧૫ સીટર કોલ સેન્ટરથી ચાલતા આ ગોરખધંધાનો મુખ્ય સંચાલક UP ના ઈટાવાનો દેવેન્દ્રસિંહ રાજાવત છે. ટોળકી ગ્રાહકોને ફસાવવા ડેટાબેઝનો ઉપયોગ કરી સોશિયલ મીડિયા પર રોજના ૩૦,૦૦૦ રૂપિયાની જાહેરાતો આપતી હતી. UP ના બીધુનામાં નવું કોલ સેન્ટર શરૂ કરવાની પણ તેમની પેરવી હતી.


પોલીસે સ્થળ પરથી ૪૪ મોબાઈલ, ૨૩ સીપીયુ, ૨ લેપટોપ, દવાના બોક્સ અને ૫ નકલી રબર સ્ટેમ્પ જપ્ત કર્યા છે. આરોપીઓના ૧૪ બેંક ખાતાઓમાં ૫ કરોડથી વધુના શંકાસ્પદ વ્યવહારો મળ્યા છે, જેની વિરુદ્ધ દિલ્હી, રાજસ્થાન અને UP માં અગાઉથી ૬ ફરિયાદો નોંધાયેલી છે. સાયબર ક્રાઈમની ટીમ વધુ તપાસ ચલાવી રહી છે.

### આવી જાહેરાતોથી સાવધાન

- સોશિયલ મીડિયા પર ચમત્કારિક પરિણામ કે ૧૦૦% ગેરંટી આપતી "સેક્સ પાવર" વધારવાની દવાઓની જાહેરાતોથી સાવચેત રહો.
- ડૉક્ટરની સલાહ વિના આવી કોઈ પણ અજાણી દવા મંગાવવી સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે.
- અજાણી વેબસાઈટ કે વોટ્સએપ પર તમારી અંગત માહિતી, બેંક વિગતો, OTP કે UPI PIN ક્યારેય શેર ન કરો.
- જો કોઈ આવી રીતે ઓનલાઈન છેતરપિંડી કે બ્લેકમેલિંગનો ભોગ બને, તો ગભરાયા વિના તાત્કાલિક ૧૯૩૦ હેલ્પલાઈન નંબર અથવા સાયબર ક્રાઈમ પોર્ટલ પર ફરિયાદ નોંધાવો.

# મંદિરોમાં VIP દર્શનનો ધંધો!

## શિરડી સાંઈ મંદિરમાં VIP દર્શન મોંઘુ 300નો ભાવ કરાયો





**સિટી ન્યૂઝ@શિર્ડી**

દરરોજ હજારો ભક્તોના વણથંભ્યા પ્રવાહથી ધમધમતા અને કરોડોની દાનની આવક ધરાવતા શિર્ડી સાઈબાબા મંદિરમાં વીઆઈપી ભક્તો માટે બ્રેક દર્શન સુવિધાની ફી ૨૦૦થી વધારીને ૩૦૦ રૂપિયા કરી છે. આને કારણે સશુલ્ક દર્શન કરતા સર્વસામાન્ય ભાવિકોને અન્યાય દૂર થયો છે.

અત્યાર સુધી શિર્ડી સાઈબાબા સંસ્થાન તરફથી સવારે, બપોરે અને રાત્રે જનસંપર્ક કાર્યાલય મારફત ૨૦૦ રૂપિયામાં વીઆઈપી બ્રેક દર્શનની સુવિધા આપવામાં આવતી હતી. બીજી તરફ સર્વસામાન્ય ભક્તો ઝટપટ દર્શન માટે ૨૦૦ રૂપિયાની ફી ચૂકવીને ગેટ નંબર ૬ અને ૭માંથી પ્રવેશતા હતા. પરંતુ આમાં એવું થતું હતું કે ઝટપટ દર્શન માટેની લાઈન આગળ જઈને ભક્તોની કોમન લાઈનમાં ભળી જતી હતી. પરિણામે ૨૦૦ રૂપિયા ચૂકવીને હેરાનગતી સહન કરવી પડતી હતી. જ્યારે ૨૦૦ રૂપિયામાં પ્રોટોકોલ ધારકોને વીઆઈપી બ્રેક દર્શનની સુવિધા મળતી હતી. આ તફાવત દૂર કરવા માટે વીઆઈપી પાસના દરમાં આજથી ૧૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

હવે સશુલ્ક દર્શન માટે ૨૦૦ રૂપિયાની ફી ભરતા સર્વસામાન્ય દર્શનાર્થીઓને પૈસા ચૂકવ્યા પછી પણ ઘણીવાર ઝટપટ દર્શનનો લાભ નથી મળતો આ તકલીફ દૂર કરવા માટે સ્વતંત્ર લાઈનની વ્યવસ્થા કરવાની મંદિર પ્રશાસનને ભાવિકો તરફથી અપીલ કરવામાં આવી હતી. ૨૨મી જૂન ૨૦૨૫થી ૩૦ જૂન ૨૦૨૬ દરમિયાન ૧.૫૮ લાખ ભાવિકોએ બ્રેક દર્શનનો લાભ લીધો હતો, જેનાંથી સાઈ સંસ્થાનને ૩.૧૭ કરોડની આવક થઈ હતી. આ જ સમયગાળામાં ૩૦ લાખ ભાવિકોએ સશુલ્ક દર્શનનો લાભ લીધો હતો.



### બોર્ડની મંજૂરી વિના ફી લાગુ કરી હતી

## બદ્રીનાથમાં VIP દર્શનથી 1.63 કરોડ આવકમાં ગોટાળાનો વિવાદ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

બદ્રીનાથ ધામમાં દાનની હેરાફેરીનો વિવાદ હજુ શાંત થયો નથી ત્યાં હવે બે નવા નાણાકીય ગોટાળાના મામલા ચર્ચામાં આવ્યા છે. પહેલો મામલો VIP દર્શન માટે પ્રતિ શ્રદ્ધાળુ ૧૧૦૦ રૂપિયા ફી વસૂલવાનો છે, જેનાથી અત્યાર સુધીમાં લગભગ ૧.૬૩ કરોડ રૂપિયા જમા થયા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

બીજો મામલો VIP મહેમાનોના રોકાણ અને ભોજનના નામે કથિત નકલી બિલ બનાવવાનો છે. બંને મામલાઓને લઈને શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ (BKTC)ની અંદર જ મતભેદ ખુલ્લેઆમ સામે આવ્યા છે. ઉપાધ્યક્ષ ઋષિ પ્રસાદ સતીએ બોર્ડની મંજૂરી વિના ફી લાગુ કરવા પર સવાલો ઉઠાવ્યા છે, જ્યારે CEO સોહન સિંહ રાંગડનું કહેવું છે કે આ વ્યવસ્થા ભીડ નિયંત્રણ અને અનધિકૃત વસૂલી રોકવા માટે લાગુ કરવામાં આવી હતી.

ચારધામ યાત્રાની પીક સિઝનમાં બદ્રીનાથ ધામમાં દરરોજ હજારો શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા હતા. આ દરમિયાન કેટલાક શ્રદ્ધાળુઓને સામાન્ય કતારથી અલગ વિશેષ વ્યવસ્થા હેઠળ દર્શન કરાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી. આ માટે પ્રતિ વ્યક્તિ ૧૧૦૦ રૂપિયા ચાર્જ લેવામાં આવ્યો અને સત્તાવાર રસીદ પણ જારી કરવામાં આવી.

વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે આ સવાલ ઉઠ્યો કે આ ચાર્જ લાગુ કરતા પહેલા BKTC બોર્ડ પાસેથી સત્તાવાર મંજૂરી લેવામાં આવી હતી કે નહીં.

BKTCના મુખ્ય કાર્યકારી અધિકારી સોહન સિંહ રાંગડનું કહેવું છે કે VIP દર્શન માટે ચાર્જ કોઈ નવી વ્યવસ્થા ન હતી, પરંતુ પહેલાથી ચાલી આવતી પ્રક્રિયાને પારદર્શક અને વ્યવસ્થિત બનાવવામાં આવી. તેમના અનુસાર, યાત્રા સિઝનમાં મોટી સંખ્યામાં લોકો વિવિધ માધ્યમોથી પ્રોટોકોલ અથવા VIP કેટેગરીમાં દર્શન માટે પહોંચે છે, જેનાથી સામાન્ય શ્રદ્ધાળુઓની લાઈન અને ભીડ વ્યવસ્થાને અસર થાય છે.

રાંગડે કહ્યું કે આ જ કારણોસર માનક સંચાલન પ્રક્રિયા (SOP) હેઠળ ચાર્જ આધારિત વ્યવસ્થા લાગુ કરવામાં આવી, જેથી VIP પ્રોટોકોલનો બિનજરૂરી ઉપયોગ રોકી શકાય અને ભીડને નિયંત્રિત રાખી શકાય.

તેમણે એમ પણ કહ્યું કે ફરિયાદો મળી રહી હતી કે કેટલાક બહારના લોકો દિવ્યાંગ અને અન્ય વિશેષ શ્રેણીઓનો દુરુપયોગ કરીને શ્રદ્ધાળુઓ પાસેથી પૈસા લઈને વૈકલ્પિક રસ્તાઓથી દર્શન કરાવી રહ્યા હતા. આના પર રોક લગાવવા માટે અધિકૃત અને રસીદ આધારિત વ્યવસ્થા લાગુ કરવામાં આવી. CEO મુજબ દરેક શ્રદ્ધાળુને સત્તાવાર રસીદ જારી કરવામાં આવી અને સંપૂર્ણ રકમ સીધી સમિતિના ખાતામાં જમા થઈ છે.

# ધાર્મિક સ્થળોએ દાનની આડમાં ધંધો?



## ઉજ્જૈનનું મહાકાલ મંદિર, ઓમકારેશ્વર, બગલામુખીમાં દાનનો કોઈ હિસાબ નહીં

- મહાકાલ મંદિરમાં સોના–ચાંદીના દાનની જાહેર વિગતો ગૂમ છે
- ઓમકારેશ્વરમાં દાન પેટીઓમાં રહેલી રકમ પહેલીવાર જાહેર કરવામાં આવી નથી
- બગલામુખી મંદિરમાં એક નકલી સમિતિ દાન એકત્રિત કરી રહી હતી

**સિટી ન્યૂઝ@ઉજ્જૈન**

અયોધ્યામાં રામ મંદિર માટે દાનના વિવાદ બાદ, મધ્યપ્રદેશના મુખ્ય મંદિરોમાં દાન પ્રણાલીની પણ તપાસ ચાલી રહી છે. જ્યારે રાજ્યના મુખ્ય મંદિરોમાં દાનના રેકોર્ડની તપાસ કરી, ત્યારે ઘણા ચોંકાવનારા ખુલાસા બહાર આવ્યા. ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં રોકડ દાન માટે ત્રણ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા છે, પરંતુ સોના અને ચાંદીના દાનની જાહેર વિગતો ગુમ છે.

ઓમકારેશ્વરમાં, દાન પેટીઓમાં રહેલી રકમ પહેલીવાર જાહેર કરવામાં આવી હતી, જ્યારે ઓનલાઈન દાન, ઝડપી દર્શન, પ્રસાદ અને અન્ય આવકના હિસાબ હજુ પણ જાહેર કરવામાં આવ્યા નથી. અગર માલવાના બગલામુખી મંદિરમાં, એક નકલી સમિતિ દાન એકત્રિત કરી રહી હતી. કલેક્ટરના આદેશ પર તપાસ શરૂ કરવામાં આવી છે.

અયોધ્યા વિવાદ પછી પહેલી વાર, ઓમકારેશ્વર મંદિર ટ્રસ્ટે દાન પેટીઓમાંથી મળેલી રકમનો જાહેરમાં ખુલાસો કર્યો છે. ૯ જુલાઈના રોજ, ટ્રસ્ટે એક જ અઠવાડિયામાં દાન પેટીઓમાંથી ૨૪.૪૧ લાખ પ્રાપ્ત થયાની જાણ કરી. દર મંગળવાર અને શુક્રવારે દાનની ગણતરી કરવામાં આવે છે.


જોકે, ટ્રસ્ટ હજુ પણ ઓનલાઈન દાન, પ્રસાદાલય, લાડુ વેચાણ અને ઝડપી દર્શનથી થતી આવક જાહેર કરતું નથી. ઝડપી દર્શન માટે પ્રતિ ભક્ત ૩૦૦ રૂપિયા ફી વસૂલવામાં આવે છે, અને દરરોજ ૬,૦૦૦ સ્લોટ છે.

મંદિર સાથે સંકળાયેલા લોકો કહે છે કે પારદર્શિતા માટે લાંબા સમયથી માંગણીઓ કરવામાં આવી રહી છે. એવા પણ આરોપો લાગ્યા છે કે ઉચ્ચ મૂલ્યની નોટો અપેક્ષા મુજબ ગણાતી નથી. ભૂતકાળમાં દાન પેટીઓમાંથી પૈસા ઉપાડવાના વીડિયો વાયરલ થયા છે, પરંતુ સિસ્ટમમાં ખાસ ફેરફાર થયો નથી.

જ્યારે સહાયક પ્રશાસક ઉદય માંડલોઈ પાસેથી માહિતી માંગી, ત્યારે તેમણે અમને સહાયક કાર્યકારી અધિકારી અશોક મહાજન પાસે મોકલ્યા. મહાજને SDM પંકજ વર્માનો સંપર્ક કરવાની સલાહ આપી. SDM એ ફોનનો જવાબ આપ્યો નહીં કે સંદેશાઓનો જવાબ આપ્યો નહીં.

## અયોધ્યા ચોરીના આરોપીના ઘરેથી 10 લાખના દાગીના મળ્યા

## રામ મંદિરના દાન ચોરીની રકમ વ્યાજે ફેરવતા હતા!



**સિટી ન્યૂઝ@અયોધ્યા**

રામ મંદિર સંકુલમાં ચંપત રાયનો અધિકાર અકબંધ છે. તપાસમાં જાણવા મળ્યું છે કે ટ્રસ્ટમાંથી દૂર થયા પછી પણ, ચંપત રાય VIP પાસ વિતરણમાં પ્રભાવ ધરાવે છે. મંદિરના ૧૮૦૦ કરોડ રૂપિયા (આશરે ૧.૮ અબજ ડોલર) ધરાવતા બેંક ખાતાઓનું સંચાલન પણ તેમના નજીકના સહયોગીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટમાં પ્રસાદ ચોરીના આરોપો બાદ ૨૬ જૂને ચંપત રાયે મહાસચિવ પદેથી રાજીનામું આપ્યા બાદ આ વાત સામે આવી છે. ૬ જુલાઈએ તેમનું રાજીનામું સ્વીકારવામાં આવ્યું હતું. આ કેસની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની ભૂમિકા પર પણ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. એવું માનવામાં આવે છે કે SIT એ તેના રિપોર્ટમાં ચંપત રાયને "સલામત બહાર નીકળવાનો" રસ્તો આપ્યો છે.

ચંપત રાય ૧૯૯૧ થી અયોધ્યામાં રહે છે. તેઓ મંદિર ચળવળમાં એક અગ્રણી વ્યક્તિ હતા, મંદિરના પાયાથી લઈને રામ લલ્લા વિરાજમાન કેસની સુપ્રીમ કોર્ટમાં હિમાયત સુધી. કોર્ટના નિર્ણય બાદ, જ્યારે ભવ્ય મંદિરનું બાંધકામ શરૂ થયું, ત્યારે તેમને ટ્રસ્ટના મહાસચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. લગભગ ૩૫ વર્ષ સુધી અયોધ્યાના રામ રાજકારણના કેન્દ્રમાં રહેલા ચંપત રાય પર ચોરીનો આરોપ લાગ્યા બાદ તેમણે રાજીનામું આપી દીધું. હવે, લોકોમાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે તેઓ હજુ પણ રામ જન્મભૂમિ સંકુલમાં કેમ રહે છે? ૬ જુલાઈના રોજ ટ્રસ્ટની એક મહત્વપૂર્ણ બેઠકમાં, બેંક ખાતાઓનું સંચાલન કરવા માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિમાં વચગાળાના મહાસચિવ કૃષ્ણ મોહન, એન્જિનિયર જગદીશ અફલે અને સીએ ચંદન રાયનો સમાવેશ થાય છે. આમાંથી બે નામ સીધા ચંપત રાયના કહેવા પર છે. તેમની ભલામણ પર ટ્રસ્ટને મદદ કરવા માટે તેમની નિમણૂક કરવામાં આવી હતી.

નિયમો અનુસાર, આ ત્રણેયના સંયુક્ત હસ્તાક્ષર વિના બેંકમાંથી એક પણ રૂપિયો ઉપાડી શકાતો નથી. તેથી, એવી આશંકા છે કે ચંપત રાય, તેમના પદ વિના પણ, ટ્રસ્ટના ખજાના અને નાણાકીય નિર્ણયોને સંપૂર્ણપણે પ્રભાવિત કરી શકે છે. રમત ૨. ચંપતના પક્ષના ૧૮ લોકો અને ગોપાલના પક્ષના ૧૪ લોકો VIP પાસ આપી રહ્યા છે.

રામ મંદિરમાં મંગળ આરતી, શ્રૃંગાર આરતી અને શયન આરતી માટે મફત VIP પાસ આપવામાં આવે છે. આ હેતુઓ માટે ટ્રસ્ટના અધિકારીઓને ખાસ ડિજિટલ ID આપવામાં આવે છે. ૨૬ જૂને રાજીનામું આપનારા ટ્રસ્ટી ડૉ. અનિલ મિશ્રાનું આઈડી તે દિવસે નિષ્ક્રિય કરવામાં આવ્યું હતું.

# ખાખડાબેલા દુષ્કર્મ કેસમાં મદદગારી કરનાર આરોપી શરતી જામીન મુક્ત


**મુખ્ય નરાધમોને ભગાડવામાં મદદ કરવાના આરોપસર પકડાયેલા નરેન્દ્રસિંહ જાડેજાને ચાર્જશીટ પહેલા જ જામીન મળ્યા : રાજકોટના ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા સહિતની ટીમે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ટાંકી મેળવી સફળતા**

સિટી ન્યૂઝ@રાજકોટ

પડધરી તાલુકાના ખાખડાબેલા ગામે સગીરા પર થયેલા સામુહિક દુષ્કર્મ અને ત્યારબાદ નોંધાયેલા હત્યાના ગુનાએ સમગ્ર પંથકમાં ભારે ચકચાર જગાવી હતી. આ અત્યંત સંવેદનશીલ કેસમાં, મુખ્ય આરોપીઓને આશરો આપવા અને ભગાડવામાં મદદ કરવાના આરોપ હેઠળ પકડાયેલા નરેન્દ્રસિંહ રણજીતસિંહ જાડેજાને રાજકોટની નામદાર સેશન્સ અદાલતે ચાર્જશીટ રજૂ થાય તે પહેલા, એટલે કે તપાસના તબક્કે જ શરતી જામીન પર મુક્ત કરવાનો મહત્વનો હુકમ ફરમાવ્યો છે.

આ કેસની હકીકત મુજબ, ગત તા. ૩/૪/૨૪ ના રોજ ભોગ બનનાર સગીરાએ કંટાળીને ફિનાઈલ પી લેતા તેને બેભાન હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ભાનમાં આવ્યા બાદ સગીરાએ આપવીતી વર્ણવતા જણાવ્યું હતું કે, આજથી ૬ માસ પહેલા તેણે મહેન્દ્રસિંહ રણજીતસિંહ જાડેજાને કઢંગી હાલતમાં જોઈ લીધો હતો. આ વાત આખા ગામમાં ફેલાવી બદનામ કરવાની ધમકી આપીને મહેન્દ્રસિંહે સગીરાને રૂમમાં લઈ જઈ બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ મહેન્દ્રસિંહના નાના ભાઈ અજયસિંહ જાડેજા અને યશપાલસિંહ રસીકસિંહ જાડેજાએ પણ આ જ વાતની ધમકી આપીને કોઈ ન હોય ત્યારે ૪ થી ૫ વખત બળજબરીથી શારીરિક સંબંધો બાંધ્યા હતા.

આ બ્લેકમેલિંગ અને નરાધમોના અત્યાચારથી ડરીને સગીરાએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે અંગે પડધરી પોલીસ સ્ટેશનમાં IPC કલમ ૩૭૬(૨)(એ), ૧૧૪ તથા પોક્સો (POCSO) એક્ટની કલમ ૬ હેઠળ ગુનો નોંધાયો હતો. આ ઘટનાના પડઘા એટલા ઘેરા પડ્યા હતા કે તેના અનુસંધાને ખૂનનો ગુનો પણ નોંધાયો હતો અને પડધરી પોલીસ મથકના અધિકારીઓને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા હતા.આ ગુનામાં પોલીસે સૌપ્રથમ અજયસિંહ રણજીતસિંહ જાડેજાની ધરપકડ કરી હતી. જ્યારે અન્ય બે આરોપીઓ મહેન્દ્રસિંહ અને યશપાલસિંહ ફરાર થઈ ગયા હતા. પાછળથી તેમની ધરપકડ બાદ પૂછપરછમાં ખુલ્યું હતું કે, આરોપી નરેન્દ્રસિંહ રણજીતસિંહ જાડેજાએ આ નરાધમોને ફરાર થવામાં અને આશરો આપવામાં મદદગારી કરી હતી. જેના આધારે પોલીસે નરેન્દ્રસિંહની પણ ધરપકડ કરી જેલહવાલે કર્યો હતો.



એડવોકેટ
**ભગીરથસિંહ ડોડીયા**

જેલહવાલે રહેલા નરેન્દ્રસિંહ તરફે રાજકોટ સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરવામાં આવી હતી. બચાવ પક્ષના વકીલોએ સચોટ દલીલ કરી હતી કે, મૂળ FIR માં આરોપી નરેન્દ્રસિંહનું ક્યાંય નામ કે રોલ દર્શાવવામાં આવ્યો નથી. માત્ર સહ-આરોપીઓના નિવેદન પર તેમની ધરપકડ કરાઈ છે. ભોગ બનનાર સાથે કોઈ જ દુષ્કૃત્ય કરવામાં આરોપીની ભૂમિકા નથી. આરોપી નાસી ભાગી જાય તેમ ન હોવાથી, "જામીન એ નિયમ છે અને જેલ એ અપવાદ છે" તેવા સુપ્રીમ કોર્ટના પ્રસ્થાપિત સિદ્ધાંતોને ટાંકીને દલીલો કરવામાં આવી હતી.

બંને પક્ષોની રજૂઆતો, પોલીસ તપાસના કાગળો અને હાઈકોર્ટ-સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈને નામદાર રાજકોટ સેશન્સ કોર્ટે આરોપી નરેન્દ્રસિંહ જાડેજાને શરતી જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે.

આ કેસમાં બચાવ પક્ષે રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, મીલન જોષી, જયવિર બારૈયા, ધવલ પુરોહીત, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, યશ ખેર, જય અકબરી, સહદેવ રાઠોડ અને વિવેક ખુંટ એડવોકેટ તરીકે રોકાયા હતા.

## હત્યાના બનાવમાં હત્યારાને પણ પગમાં ગોળી લાગી હોય સિવિલમાં દાખલ કરાયો

**» ત્રણેય આરોપીની ધરપકડ, તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ : આજે રિમાન્ડ મંગાશે**

સિટી ન્યૂઝ@રાજકોટ

તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા મોકાજી સર્કલ નજીક બુલેટ ધીમું ચલાવવા બાબતે થયેલી સામાન્ય બોલાચાલી લોહિયાળ બની હતી. સગીર બુલેટ ચાલક, તેના ભાઈ અને પિતાએ મળીને યુવક પર હુમલો કર્યો હતો. આરોપી પિતાએ ગેરકાયદે હથિયારથી પહેલા હવામાં અને ત્યારબાદ યુવક પર ૨ રાઉન્ડ ફાયરિંગ કરતાં તેનું ઘટનાસ્થળે મોત થયું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીની કલાકોમાં મુખ્ય આરોપી રણજીતસિંહ વાળા, તેના પુત્ર રાજવીરસિંહ વાળા અને એક સગીર સહિત કુલ ૩ આરોપીઓને રાજકોટ-ભાવનગર હાઈવે પર સરધાર નજીકથી ઝડપી લીધા હતા. ફાયરિંગ દરમિયાન મિસફાયર થતાં મુખ્ય આરોપી રણજીતસિંહ વાળાના ઘૂંટણમાં પણ ગોળી વાગી હતી. તેને પોલીસ જાપ્તા હેઠળ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. મૃતકના સંબંધીની ફરિયાદના આધારે તાલુકા પોલીસ સ્ટેશનમાં BNSની કલમ ૧૦૩(૧), ૧૧૮(૨), ૩૫૨, ૩(૫) તેમજ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. પ્રાથમિક તપાસમાં મુખ્ય આરોપી સામે અગાઉ પ્રોહિબિશનના ૨ ગુના નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે. કેસની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી છે. પોલીસે આરોપીઓને આજે કોર્ટમાં રજૂ કરી ૧૫ દિવસના રિમાન્ડની માંગણી કરવાની તજવીજ હાથ ધરી છે. રિમાન્ડ દરમિયાન ઓળખ પરેડ, ક્રાઈમ સીનનું રિકન્સ્ટ્રક્શન તેમજ હત્યામાં વપરાયેલા ગેરકાયદે હથિયારના સ્ત્રોત અંગે પૂછપરછ કરવામાં આવશે.

**તમને બધાને જોઈ લઈશ, કેમ નોકરી કરો છો કહી ધમકી**

## પ્ર.નગર પીઆઈની ચેમ્બરમાંથી બહાર કાઢતા બજરંગ દળના નેતાની ધમાલ


સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં ફરજમાં રૂકાવટ અને પોલીસ સાથે ગેરવર્તનનો સનસનીખેજ મામલો સામે આવ્યો છે. રેલનગરમાં રહેતા અને પોતાને બજરંગ દળ/વીએચપી સૌરાષ્ટ્ર પ્રાંતના સહ પ્રમુખ ઓળખાવતા હર્ષ વાસુદેવભાઈ મુથરેજા વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ નરવણસિંહ વાળા એક મહિલાની દુષ્કર્મ અંગેની અરજીની તપાસ કરી રહ્યા હતા. આ દરમિયાન પીડિતા સાથે આવેલ આરોપી હર્ષ મુથરેજાએ પી.આઈ. એમ.ડી. મકવાણાની ચેમ્બરમાં ધમાલ મચાવી હતી. મહિલા પોલીસ કર્મચારીની હાજરીમાં પીડિતાની ખાનગી પૂછપરછ કરવાની હોવાથી હર્ષને ત્રણ વાર બહાર



જવાનું કહેવામાં આવ્યું હતું. આ સાંભળતા જ તે ઉશ્કેરાઈ ગયો અને રાડારાડી કરવા લાગ્યો હતો. "હું બજરંગ દળનો સભ્ય છું, તમોને બધાયને જોઈ લઈશ, તમે બધાય કેમ નોકરી કરો છો?" તેવી ધમકીઓ આપીને તેણે કાયદેસરની ફરજમાં રૂકાવટ ઊભી કરી હતી. અંતે પોલીસે બળપ્રયોગ કરીને તેને ચેમ્બરની બહાર કાઢવો પડ્યો હતો. ઉચ્ચ અધિકારીઓની મંજૂરી બાદ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ પીએસઆઈ સંજય કોઠીવારને સોંપી છે.











## ભારતીય ડિઝાઈનરે 2000 વર્ષ જૂની દેવીઓની પ્રેરીત કલેક્શન

# પેરિસમાં ફેશન વીકમાં ભારતીય સંસ્કૃતિની છાપ

તાજેતરમાં પૅરિસમાં ચાલી રહેલા પૅરિસ ફૅશન વીક ૨૦૨૬માં એક વાર ફરીથી ભારતીય ફૅશન-ડિઝાઇનરે લોકોને આશ્ચર્યમાં મૂકી દીધા છે. રાહુલ મિશ્રા નામના એક ડિઝાઇનરે ભારતની પુરાતત્ત્વ કળા અને સંસ્કૃતિનો જાદુ વેરતું કલેક્શન રજૂ કર્યું હતું. આ કલેક્શનમાં મૉડલ્સ જાણે ૨૦૦૦ વર્ષ જૂની દેવીઓ હોય એવું દેખાતું હતું. રાહુલ મિશ્રાના ’દેવી ધ ઇટર્નલ મ્યુઝ’ નામના નવા વિન્ટર ક્લેશનમાં પૅરિસના રૅમ્પ પર ભારતની જૂની દેવીની મૂર્તિઓ ચાલતી હોય એવો નજારો લાગતો હતો. ફૅશન વીકમાં માત્ર સારાં કપડાંની ડિઝાઇન પ્રેઝન્ટ કરવાની વાત નથી, એ કપડાં થકી કહાની પણ કહેવામાં આવે છે. આ કલેક્શન તૈયાર કરવા માટે રાહુલ મિશ્રાએ કોઈ નવા ફૅશન-ટ્રેન્ડનો સહારો નહોતો લીધો. તેમણે નવા ટ્રેન્ડને બદલે ઇતિહાસનાં પાનાં ઊથલાવ્યાં અને એમાંથી જે કલેક્શન તૈયાર થયું એ બિલકુલ ટાઇમ-ટ્રાવેલ જેવો અનુભવ આપતું હતું.













## લુક પર 'વોગ'ની એડિટર પણ ફિદા

# પેરિસમાં ઈશા અંબાણીનો 'ક્લિઓપેટ્રા' લૂક



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની વિવિધ કંપનીની એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને અંબાણી પરિવારની લાડકવાયી દીકરી ઈશા અંબાણી બિઝનેસની સાથે સાથે ફેશનની પણ ખૂબ સારી સમજ ધરાવે છે. બુધવારે ભારતીય ડિઝાઈનર મનીષ મલ્હોત્રાએ પેરિસ હોટ ક્યુટોર વીકમાં ડેબ્યૂ કર્યું હતું. ડિઝાઈનરના કરિયર અને ભારતીય ફેશન માટેના આ એક માઈલસ્ટોન ઈવેન્ટમાં તેમને સપોર્ટ કરવા ઈશા અંબાણી પણ પહોંચી હતી. આ દરમિયાન ઈશાએ ગોલ્ડન ડ્રેસ અને માતા નીતા અંબાણીના અમૂલ્ય દાગીના પહેરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. પેરિસ હોટ ક્યુટોર વીક ૨૦૨૬માં ઈશાએ મનીષ મલ્હોત્રાએ જાતે કસ્ટમ ડિઝાઈન કરેલો હેન્ડમેડ ગોલ્ડ ક્યુટોર ગાઉન પહેર્યો હતો. પગની ઘૂંટી સુધીની લંબાઈ ધરાવતા આ ડ્રેસમાં આકર્ષક કોર્સેટ સિલુએટ સાથે વિન્ટેજ સલ્લી અને તાબન સિક્વિન્સ તેમજ હાથથી જડેલા રત્નોનું ઝિણવટભર્યું ભરતકામ કરવામાં આવ્યું છે. તેની હૉલ્ટર નેકલાઈન અને બોડી-સ્કલ્પ્ટિંગ સિલુએટ આ હેન્ડ-એમ્બ્રોઈડરી પીસની સુંદરતામાં વધારો કરે છે. આ ડ્રેસની કિંમત અંદાજે ૪૦થી ૮૦ લાખની વચ્ચે હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ઈશાના લુકમાં આ ડ્રેસ મુખ્ય હાઈલાઈટ રહે તે માટે એન્ડ્રુ મુકામલે તેને ખૂબ જ સ્માર્ટલી સ્ટાઈલ કર્યો હતો.



## શિખર પહાડિયાનું નિકનેમ છે 'શિખું'

# જહાન્વીની મહેંદીમાં બોયફ્રેન્ડ 'શિખું'



અંશુલા કપૂરના વેડિંગ રિસેપ્શનમાં સાવકી બહેન જાહ્નવી કપૂર પોતાના લુકની સાથે-સાથે મહેંદીને લઈને પણ ચર્ચામાં રહી. તેણે ડિઝાઈનર મનીષ મલ્હોત્રાની સિલ્ક સાડીને સ્ટ્રેપલેસ બ્લાઉઝ સાથે પહેરી હતી. તેનો આ લુક સોશિયલ મીડિયા પર ખૂબ પસંદ કરવામાં આવ્યો હતો. જાહ્નવીએ ઈન્સ્ટાગ્રામ પર રિસેપ્શનની ઘણી તસવીરો શેર કરી હતી. આ તસવીરોમાં તેની મહેંદી પર 'શિખુ' નામ લખેલું જોવા મળ્યું. 'શિખુ' તેના બોયફ્રેન્ડ શિખર પહાડિયાનું નિકનેમ છે. આ નામ મહેંદીની ડિઝાઈનમાં ઝિણવટથી લખવામાં આવ્યું હતું. આ ઉપરાંત, અંશુલા કપૂરના વેડિંગ રિસેપ્શનમાં જાહ્નવી કપૂરનો એક વીડિયો પણ સામે આવ્યો, જેમાં તેણે ઢોલ વગાડ્યો હતો. નોંધનીય છે કે, ૨૦૨૪માં ફિલ્મ 'મૈદાન'ના સ્ક્રીનિંગ દરમિયાન તે 'શિખુ' નામનો નેકલેસ પહેરીને પહોંચી હતી. તાજેતરમાં સોશિયલ મીડિયા પર જાહ્નવીની એક તસવીર સામે આવી હતી, જેમાં તે એક અનોખો નાઈટસૂટ પહેરેલી જોવા મળી રહી છે. આ નાઈટસૂટ પર શિખર પહાડિયાના નામનો એક મેસેજ પણ લખેલો હતો. આ ફોટોમાં જાહ્નવીએ પિંક કલરનો નાઈટસૂટ અને ગ્રે જેકેટ પહેર્યું હતું.

## ટીવી એક્ટ્રેસ આકાંક્ષા ચમોલાએ કહ્યું

# હું હવે લગ્ન નહીં કરું



ટીવી-ઍક્ટ્રેસ આકાંક્ષા ચમોલા અને ગૌરવ ખન્ના ટૂંક સમયમાં તલાક લેવા જઈ રહ્યાં છે. આ દરમ્યાન આકાંક્ષાએ ડિવૉર્સ બાદના પોતાના જીવન અને ભવિષ્યના પ્લાન અંગે પણ ખુલાસો કર્યો છે.નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ રહેલા રિયલિટી શો 'લૉક અપ'ની બીજી સીઝનની સ્પર્ધક આકાંક્ષા ચમોલાએ શો દરમ્યાન પોતાની સહ-સ્પર્ધક પમેલા સાથેની વાતચીતમાં કહ્યું કે 'મારાં લગ્ન ત્યારે થયાં હતાં જ્યારે હું માત્ર ૨૪ વર્ષની હતી. હું બીજી વખત લગ્ન કરવા માગતી નથી. મને લાગે છે કે લગ્નનો અધ્યાય મારા જીવનમાં પૂરો થઈ ગયો છે. હવે મારા જીવનમાં પહેલી વખત હું એકલી રહીશ. હું મમ્મી-પપ્પાના કે પછી પતિના ઘરે રહેવાને બદલે મારા પોતાના ઘરમાં રહીશ. હું મારી જિંદગી મારી રીતે એકલી જ જીવવા ઈચ્છું છું.

### રાજકોટમાં સતત વાદળછાયું વાતાવરણ રહેશે

# પાંચ દિવસ વરસાદ પર બ્રેક

# 15 જૂલાઈથી ફરી મેઘરાજાની એન્ટ્રી



સિટી ન્યૂઝ@રાજકોટ

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા ભારે વરસાદ બાદ હવે હવામાનમાં રાહત જોવા મળી શકે છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ આગામી ૧૫ જુલાઈ સુધી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી સામાન્ય વરસાદની શક્યતા છે. જેના કારણે હાલ પૂર જેવી સ્થિતિ સર્જાવાની સંભાવના ઓછી છે. જોકે, ૧૪થી ૧૭ જુલાઈ દરમિયાન બંગાળના ઉપસાગરમાં નવી સિસ્ટમ સક્રિય થતાં પશ્ચિમ સૌરાષ્ટ્ર સહિત કેટલાક વિસ્તારોમાં ફરી સારો વરસાદ વરસી શકે છે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદ વરસી શકે છે. જોકે દક્ષિણ ગુજરાતમાં હજુ પણ જમીનમાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી ત્યાં વરાપ નીકળવામાં થોડો વધુ સમય લાગી શકે છે. તેમણે વધુમાં જણાવ્યું કે બંગાળના ઉપસાગરમાં નવી વરસાદી સિસ્ટમ સક્રિય થવાના કારણે ૧૪થી ૧૭ જુલાઈ દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં ફરી વરસાદી માહોલ જામશે. ખાસ કરીને પશ્ચિમ સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં સારો વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

અંબાલાલ પટેલે જુલાઈના અંતિમ સપ્તાહ માટે પણ મહત્વની આગાહી કરી છે. તેમના અનુમાન મુજબ ૨૭થી ૩૦ જુલાઈ દરમિયાન રાજ્યમાં વરસાદનું વધુ એક ચક્ર સક્રિય થઈ શકે છે. આ ઉપરાંત ઓગસ્ટ મહિનાના પ્રથમ સપ્તાહમાં પણ કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા છે. વરસાદની આગાહી ઉપરાંત તેમણે આગામી મહિનાઓ અંગે પણ ચેતવણી આપી છે. તેમના જણાવ્યા અનુસાર સપ્ટેમ્બર અને ઓક્ટોબર દરમિયાન અલ નીનોની અસર જોવા મળી શકે છે. જેના કારણે ૧૩ સપ્ટેમ્બર બાદ રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધવાની અને આકરી ગરમીનો અનુભવ થવાની શક્યતા છે.

હાલમાં હવામાનની સ્થિતિને જોતા આગામી થોડા દિવસ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદથી રાહત મળવાની સંભાવના છે. જોકે, જુલાઈ મધ્યથી નવી વરસાદી સિસ્ટમ સક્રિય થતાં ફરી કેટલાક વિસ્તારોમાં વરસાદનું જોર વધી શકે છે.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડાયરેક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું કે, ૯થી ૧૫ જુલાઈ દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં એકાદ-બે સ્થળોથી લઈને કેટલીક જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદની શક્યતા છે. અમદાવાદ શહેરમાં આગામી દિવસોમાં સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેશે અને દિવસ દરમિયાન એકથી બે વખત હળવા ઝાપટાં અથવા મધ્યમ વરસાદ નોંધાઈ શકે છે.

હવામાન વિભાગે ચાલુ સીઝનના વરસાદી આંકડા જાહેર કરતાં જણાવ્યું છે કે રાજ્યમાં અત્યાર સુધી સરેરાશ કરતાં ઓછો વરસાદ નોંધાયો છે. હાલમાં સરેરાશ વરસાદમાં ૯ ટકાની ઘટ જોવા મળી રહી છે.

## સુરતમાં વરસાદથી ત્રણ દિવસમાં 33 લોકોનાં મોત



સુરત શહેરમાં ભારે વરસાદને કારણે હાલ બેહાલ થયાં છે. બીજી તરફ ખાડી પૂરને કારણે શહેરના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયાં છે. શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં ડૂબી જવાથી ૧૩ લોકોના મોત થયાં હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે. જ્યારે એક યુવાનનું કરંટ લાગતાં મોત થયું છે. એક યુવક ત્રીજા માળેથી પડી જવાને કારણે મોતને ભેટ્યો છે. આકાશી આફતે તબાહી મચાવતા શહેરમાં ૨૪ કલાકમાં ૧૫ પરિવારોના માળા વિખેરાયા છે. આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સુરત સહિત નવસારી અને વલસાડની મુલાકાતે ગયા હતાં. જ્યાં તેમણે સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે અધિકારીઓનો ઉધડો લીધો હતો અને કામગીરી માટે આદેશો આપ્યા હતાં. મ્યુ.કમિશનર એમ. નાગરાજને જણાવ્યું હતું કે,આ સપ્તાહમાં જ સિઝનનો 30 ટકા વરસાદ શહેરમાં નોંધાયો છે. શહેરમાં ૩૬૦૦ લોકોનું રેસ્ક્યુ તેમજ ૪૧૦૦ અસરગ્રસ્ત લોકોને રિલીફ સેન્ટરમાં ખસેડ્યા છે.NDRFની ૨ અને SDRFની ૫ ટીમો કાર્યરત છે.જિલ્લા કલેક્ટર તેજસ પરમારે જણાવ્યું હતું કે, પલસાણા અને કામરેજમાં સૌથી વધુ વરસાદ થયો છે.અસરગ્રસ્ત વિસ્તારોમાં નુકસાનનો ઝડપભેર સર્વે થઈ રહ્યો છે અને ગઈ કાલથી જ કેશડોલ્સ અને ઘરવખરી સહાય ચૂકવવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે.શહેર-જિલ્લામાં ૪૦ જેટલા કાચા-પાકા મકાનોને થયેલા નુકસાન અંગે વિગતો આપી હતી. શહેરમાં તંત્રની નિષ્ફળતા છુપાવવા માટે સત્તાધીશોએ સફાઈનો દેખાડો કર્યો છે. એક જ દિવસમાં ૪૦૦ ટન કચરો ઉલેચવાનો દાવો કરવામાં આવ્યો છે. શહેર ડૂબ્યા બાદ સફાઈના નામે તંત્રએ દેખાડો કર્યો છે. શહેરમાં ખાડી પૂરને કારણે ડીંડોલી, સરથાણા, વરાછા, ઓલપાડ સહિતના વિસ્તારો ડૂબમાં છે. આ વરસાદ શહેરમાં ટેક્સટાઈલ ઉદ્યોગ માટે પણ આફત બન્યો છે. દુકાનોમાં ખાડી પૂરના પાણી ભરાઈ જતાં લાખો કરોડો રૂપિયાનું નુકસાન પહોંચ્યું છે. વેપારીઓનું કહેવું છે કે, તંત્ર માત્ર વેરાનું બિલ લેવા આવે છે પણ આવી સ્થિતિમાં કોઈ પૂછવા પણ આવતું નથી. શહેરમાં રઘુકુળ, અનુપમ, સાગર, અનમોલ માર્કેટમાં નુકસાન થયું છે.

### તંત્ર એલર્ટઃ ગોધરામાં બે કલાકો બાદ હિંમતનગરમાં મોત

# ગુજરાતમાં ચાંદીપુરા વાયરસનો ખતરોઃ 6 વર્ષના બાળકનું મોત

## બાળક મૃત્યુ બાદ આરોગ્ય તંત્ર સફાળું જાગ્યું



**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસે ફરી માથું ઉચક્યું છે, જેના કારણે છ વર્ષના એક બાળકનું દુખદ અવસાન થયું છે. આ ઘટનાએ સ્થાનિક આરોગ્ય તંત્રમાં દોડધામ મચાવી દીધી છે અને જિલ્લા આરોગ્ય વિભાગની કામગીરી પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. મૃત્યુ પામેલો બાળક ચાર દિવસ અગાઉ રાજસ્થાનથી સારવાર અર્થે હિંમતનગર આવ્યો હતો.હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધી ચાંદીપુરા વાયરસના પાંચ શંકાસ્પદ કેસ નોંધાયા છે. બાળકના મૃત્યુ બાદ આરોગ્ય તંત્ર સફાળું જાગ્યું હોય તેમ જણાઈ રહ્યું છે. જોકે, જિલ્લા આરોગ્ય વિભાગ પર ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે કે તેઓ છેલ્લા ૧૨ દિવસથી આ ગંભીર બીમારીની બાબત છુપાવી રહ્યા છે. આટલા લાંબા સમયથી ચાંદીપુરા વાયરસ હિંમતનગરમાં વકરી રહ્યો છે તેમ છતાં આરોગ્ય વિભાગે કોઈપણ પ્રકારના સાવચેતીના પગલાં અંગે સોશિયલ મીડિયા પર કે અન્ય કોઈ માધ્યમથી જાહેર જનતાને જાણ કરી નથી.

મહત્વપૂર્ણ છે કે, આ વાયરસના કારણે અગાઉ પંચમહાલ, બનાસકાંઠા અને રાજસ્થાનના દર્દીઓના પણ મૃત્યુ નીપજી ચૂક્યા છે. હાલમાં બે દર્દીઓ સારવાર હેઠળ છે. કુલ મળીને જોતાં, અત્યાર સુધીમાં સાત જેટલા બાળકોને ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો સાથે સારવાર આપવામાં આવી હતી. તે પૈકી ત્રણ બાળકોના મૃત્યુ થયા હોવાની વિગતો સામે આવી રહી છે, જ્યારે એક બાળકને સારવાર બાદ રજા આપવામાં આવી છે અને બે બાળકો હાલ હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

### આંધ્રપ્રદેશની હોસ્પિટલમાં ચાર દિવસ સારવાર ચાલી

# કોરોનાથી એક વ્યક્તિનું મોત

## બે જિલ્લામાં 5 પોઝિટિવ કેસ મળ્યા




**સિટી ન્યૂઝ@આંધ્રપ્રદેશ**

આંધ્રપ્રદેશના કડપ્પામાં ૪૬ વર્ષના એક વ્યક્તિનું કોરોનાથી મૃત્યુ થયું. વ્યક્તિને ગયા મહિને ૨૪ જૂને વેલ્લોરની CMC હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તપાસમાં તેને ન્યુમોનિયા હોવાનું જણાયું. કોવિડની આશંકા પર ૨૬ જૂને ટેસ્ટ કરવામાં આવ્યો, જેમાં રિપોર્ટ પોઝિટિવ આવ્યો.તપાસમાં જાણવા મળ્યું કે તેના બંને ફેફસાં ગંભીર રીતે સંક્રમિત થઈને ન્યુમોનિયાની ઝપેટમાં આવી ગયા હતા. સારવાર દરમિયાન ૨૮ જૂને તેનું મૃત્યુ થયું. જિલ્લા તબીબી અને આરોગ્ય અધિકારી રવિ બાબુએ જણાવ્યું કે મૃતક દારૂ પીતો હતો.આરોગ્ય વિભાગ અનુસાર, મૃતકને શ્વાસ લેવામાં તકલીફ અને ખાંસીની ફરિયાદ બાદ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. મૃતકના સંપર્કમાં આવેલા લોકોની ઓળખ કરીને તેમની ટ્રેસિંગ પણ કરવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગે વિસ્તારમાં સેનિટાઇઝેશન પણ શરૂ કરી દીધું છે.

કોરોનાથી મૃત્યુ પછી રાજ્યભરમાં સમીક્ષા કરવામાં આવી. આ દરમિયાન કડપ્પા અને તિરુપતિ જિલ્લાઓમાં ૫ વધુ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. મેડિકલ એજ્યુકેશન ડિરેક્ટર (DME) એ રાજ્યની સરકારી હોસ્પિટલો પાસેથી આઇસોલેશન બેડ, ICU બેડ, ઓક્સિજન, વેન્ટિલેટર, દવાઓ, રેપિડ ટેસ્ટ કિટ, એમ્બ્યુલન્સ અને મેડિકલ સ્ટાફની ઉપલબ્ધતાનો અહેવાલ માંગ્યો છે.

# 12%થી વધુ આલ્કોહોલવાળી દવા પ્રિસ્ક્રિપ્શન વિના નહીં મળે

## મેડિકલ સ્ટોર્સે દર્દી-ડોક્ટરના નામ સાથેનો 3 વર્ષનો રેકોર્ડ રાખવો પડશે

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે નશા માટે કફ સિરપ અને ટોનિકના દુરુપયોગને રોકવા માટે કડક પગલું ભર્યું છે. ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ માં નોંધપાત્ર સુધારો કરીને, સરકારે ઉચ્ચ-આલ્કોહોલ ધરાવતી મૌખિક દવાઓને શેડ્યુલ H1 શ્રેણીમાં મૂકી છે. આ નિર્ણય બાદ, આવી દવાઓ હવે ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના કાઉન્ટર પર ખુલ્લેઆમ વેચી શકાશે નહીં.સરકાર દ્વારા જારી કરાયેલા નવા નિયમો અનુસાર, નીચેના બે માપદંડોને પૂર્ણ કરતી બધી મૌખિક પ્રવાહી દવાઓ હવે કડક દેખરેખને પાત્ર રહેશે આમાં 30 મિલીલીટર (મિલી) થી વધુ માત્રામાં પેક કરેલી દવાઓ. ૧૨% થી વધુ ઇથિલ આલ્કોહોલ ધરાવતી દવાઓ. આ પરિમાણોમાં આવતી બધી દવાઓ હવે શેડ્યૂલ H1 સૂચિમાં શામેલ કરવામાં આવી છે.નોંધનીય છે કે આ તે જ સૂચિ છે જેમાં ઊંઘની ગોળીઓ, શક્તિ શાળી પીડા નિવારકો અને દુરુપયોગ માટે સંવેદનશીલ અત્યંત સંવેદનશીલ દવાઓનો સમાવેશ થાય છે. આ ફેરફારના ભાગરૂપે, સરકારે શેડ્યૂલ Kમાં પણ સુધારો કર્યો છે.

# રાજકોટના વોર્ડ નં. 11માં લાલિયાવાડી રોડનું લેવલ ન હોવાથી સામાન્ય વરસાદમાં જળબંબાકાર



સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના ભ્રષ્ટ વહીવટ અને એન્જિનિયરોની બેદરકારીનો ભોગ સામાન્ય જનતા બની રહી છે. વોર્ડ નં. ૧૧ ના રાજદીપ મેઈન રોડ પર યોગ્ય લેવલિંગ વિના જ રસ્તો બનાવી દેવાતા સ્થાનિકો હાલાકી ભોગવી રહ્યા છે. 'સ્માર્ટ સિટી' ના શાસકોની આ અણઆવડતથી સામાન્ય વરસાદમાં આખો રોડ જળબંબાકાર થઈ જાય છે. લેવલ ન હોવાથી વરસાદી પાણીના નિકાલનો કોઈ રસ્તો બચ્યો નથી. પરિણામે રસ્તા પર વહેતા ગંદા પાણી સીધા ઘરોમાં ઘૂસી રહ્યા છે. તાજેતરમાં રાજદીપ મેઈન રોડ પર ૨ થી ૩ મકાનોમાં પાણી ગરી જતા કિંમતી ઘરવખરી પલળી જવાથી મોટું આર્થિક નુકસાન થયું છે. ટેક્સ ભરવા છતાં નરક જેવી સ્થિતિમાં જીવતા લોકોનો આક્રોશ સાતમા આસમાને છે. ત્રસ્ત નાગરિકો સવાલ કરી રહ્યા છે કે, "એસી ચેમ્બરમાં બેસતા અધિકારીઓ પ્રજા માટે કામ કરે છે કે કોન્ટ્રાક્ટરો સાથે મળીને કમિશન જ ખાય છે?" રોડનું લેવલ જોવાની જવાબદારી જે એન્જિનિયરોની છે, તેમની સામે શિક્ષાત્મક પગલાં કેમ લેવાતા નથી? જો મનપા તંત્ર આ રોડનું યોગ્ય લેવલિંગ કરી પાણીના નિકાલની કાયમી વ્યવસ્થા નહીં ગોઠવે, તો સ્થાનિકો દ્વારા કોર્પોરેશન કચેરીનો ઘેરાવ કરી ઉગ્ર આંદોલનની ચીમકી અપાઈ છે.

સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર...
તમારો વોર્ડ તમારો હક



## રૈયા સાધુ સમાજના સમાધિ સ્થાનના રસ્તે ગંદકી : 1.5 વર્ષથી RMC ઘોર નિદ્રામાં

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મનપા દ્વારા 'સ્વચ્છ રાજકોટ'ના નામે કરોડોનો ખર્ચ થાય છે, પરંતુ ધાર્મિક સ્થળો આસપાસ જ ગંદકીના ગંજ જોવા મળે છે. વોર્ડ નં. ૯ માં રૈયા ખાતે આવેલા 'દશનામ ગોસ્વામી અતીત સાધુ સમાજ'ના સમાધિ સ્થાને જવાના મુખ્ય રસ્તા પર જ આસપાસના લોકો બેફામ કચરો નાખી રહ્યા છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, બાજુની ગૌશાળા અને ખોડિયાર મંદિર વાળાઓ દ્વારા જ સતત કચરો ઠાલવીને ભયંકર ગંદકી ફેલાવાય છે. પવિત્ર રસ્તે કચરાના ઢગલા થવાથી સાધુ સમાજ અને દર્શનાર્થીઓની ધાર્મિક લાગણીઓ દુભાઈ રહી છે.

સૌથી શરમજનક બાબત એ છે કે, છેલ્લા દોઢ (૧.૫) વર્ષથી RMC માં લેખિત-મૌખિક ફરિયાદો અને ફોટોગ્રાફ્સ મોકલવા છતાં અધિકારીઓ કોઈ કાયમી ઉકેલ લાવતા નથી. જો તંત્ર તાત્કાલિક આ કચરો હટાવી જવાબદારો સામે દંડાત્મક કાર્યવાહી નહીં કરે, તો સાધુ સમાજ દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.



## રેલનગર અંડરબ્રિજ પાસે પાણી નિકાલની પાળી તૂટી

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરમાં રેલનગર અંડરબ્રિજ પાસે (જૂના એરપોર્ટથી રેલનગર માર્ગ પર) વરસાદી પાણીના નિકાલની પાળી લાંબા સમયથી તૂટેલી હાલતમાં છે, છતાં અધિકારીઓને આ ખામી દેખાતી નથી. ચોમાસાની સીઝનમાં ભારે વરસાદ પડશે તો ઉપરવાસનું તમામ પાણી આ તૂટેલી પાળીમાંથી સીધું બ્રિજના મેઈન રોડ પર ધસી આવશે. સતત પાણી ભરાવાને કારણે રસ્તા પર લીલ અને શેવાળ જામી જશે. આ લીલના કારણે ટુ-વ્હીલર ચાલકો સ્લિપ થઈને ગંભીર અકસ્માતનો ભોગ બની શકે છે, જેથી વાહનચાલકોમાં ભારે ભય છે. શું તંત્ર કોઈ નિર્દોષનો જીવ જાય તેની રાહ જુએ છે? જાગૃત નાગરિકોએ ઉગ્ર માંગ કરી છે કે મનપા તાત્કાલિક આ પાળીનું સમારકામ કરે જેથી ચોમાસામાં વાહનચાલકો સુરક્ષિત પસાર થઈ શકે.

## આજીડેમ પોલીસ ચોકી પાસે જ સરકારી જમીનમાં ખુલ્લેઆમ દબાણ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં કિંમતી સરકારી જમીનો પર ભૂમાફિયાઓના બેફામ દબાણો યથાવત છે. મનપાની એસ્ટેટ શાખા માત્ર ગરીબોની રેંકડીઓ જપ્ત કરવામાં જ શૂરવીરતા દાખવે છે, પરંતુ વોર્ડ નં. ૧૮ માં ભૂમાફિયાઓ સામે આંખ આડા કાન કરી રહી છે.

કોઠારિયા મેઈન રોડ પર આજીડેમ પોલીસ ચોકી અને ચામુંડા સર્વિસ સ્ટેશન પાછળ આવેલી સરકારી ખાણમાં લેભાગુ તત્વોએ ગેરકાયદે કબ્જો જમાવ્યો છે. અહીં ખુલ્લેઆમ ગેરકાયદે ઓરડીઓ બનાવીને તેને વેચવાનો કાળો કારોબાર ધમધમી રહ્યો છે.

પોલીસ ચોકીની નજીક જ આ કૌભાંડ ચાલતું હોવાથી મોટા માથાની મિલીભગતની શંકા ઉપજે છે. જાગૃત નાગરિકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, પાકા બાંધકામો થઈ રહ્યા છે ત્યારે TP અને એસ્ટેટ વિભાગના અધિકારીઓ ક્યાં ઊંઘી રહ્યા છે? મ્યુનિસિપલ કમિશનર તાત્કાલિક ચેકિંગ કરાવી આ ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવે તેવી ઉગ્ર માંગ ઊઠી છે.



## ઉનામાં વિદ્યાર્થી પાસે દારૂ મંગાવનાર

# દારૂડિયો શિક્ષક સસ્પેન્ડ

સિટી ન્યૂઝ@રાજકોટ

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાની ખાપટ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થી પાસે વિદેશી દારૂ મંગાવનાર શિક્ષક હરેશગિરી ગોસ્વામીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના કડક આદેશ બાદ શાળાના આચાર્યની ફરિયાદના આધારે પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આરોપી શિક્ષકની ધરપકડ કરી છે.આ મામલે ખાપટ ગામના સ્થાનિક અજયભાઈ ઝાલાએ જણાવ્યું કે, અમને ગઈકાલે આ અંગેની જાણ થતાં આજે સ્કૂલની મુલાકાતે આવ્યાં છીએ. અમારી માગ છે કે, ૬થી ૭ વર્ષના બાળક પાસે દારૂ મંગાવનાર શિક્ષક સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. અમારી બીજી એ પણ માગ છે કે, બાળક જે જગ્યાએથી દારૂ લાવ્યો તેની પણ તપાસ થવી જોઈએ. વિદ્યાર્થીએ એવું પણ કહ્યુ કે, તે ભાવેશની દુકાનેથી દારૂ લાગ્યો હતો. ગામના લોકોને પણ ખબર છે કે, ભાવેશ દુકાનામાં ઘણા સમયથી દારૂનો ધંધો કરે છે, છતાં કોઈ કાર્યવાહી થતી નથી. નાના બાળકને દારૂ





પોલીસે ગુનો નોંધતા ટિચર ફરાર




આપનાર ભાવેશ સામે પણ કાર્યવાહી થવી જોઈએ. આવી રીતે ગામમાં ઘણા લોકો દારૂનો ધંધો કરે છે.આરોપી શિક્ષકે જે વિદ્યાર્થીને દારૂ લેવા મોકલ્યો હતો તેણે જણાવ્યું કે, હું સરને દારૂ લેવા જવાની ના કહેતો છતાં મને પકડીને ગેટ પર લઈ જતાં અને મને જબરદસ્તી મોકલતા હતાં. મેં સરને ઘણી વખત દારૂ લઈ આપ્યો છે. રાજ્યના શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ આ શરમજનક ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈ સંબંધિત શિક્ષક સામે કાયદેસરની પોલીસ ફરિયાદ દાખલ કરવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (DPEO)ને આદેશ આપ્યા હતા. શિક્ષણ મંત્રીએ આ અંગે ગીર સોમનાથના પોલીસ અધિક્ષક (SP) સાથે પણ સીધી વાતચીત કરી તપાસ ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે, વિદ્યાર્થીઓના હિત અને શૈક્ષણિક સંસ્થાઓની શિસ્ત સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવાશે નહીં.મળતી વિગતો મુજબ, ગત ૨૦ જૂન, ૨૦૨૬ના રોજ ખાપટ પ્રાથમિક શાળામાં ફરજ દરમિયાન શિક્ષક હરેશગિરી ગુલાબગીરી ગોસ્વામીએ એક વિદ્યાર્થી મારફતે વિદેશી દારૂની બોટલ મંગાવી હતી. આ સમગ્ર મામલો ઉજાગર થતાં જ બદનામીના ડરે આરોપી શિક્ષક ચાલુ ફરજ પરથી નાસી છૂટ્યો હતો. આ ઘટના વાયુવેગે પ્રસરતા અને આચાર્યએ શિક્ષણ વિભાગે શિક્ષકને કરેલી ફરિયાદના આધારે તાત્કાલિક અસરથી શિક્ષક હરેશગિરીને સસ્પેન્ડ કર્યા.

## પ્લોટમાં 10%નો ભાવ વધારો થવાની શક્યતા; રાઈડ્સના ભાવ વધશે

# લોકમેળો મોંઘો બનશે

સિટી ન્યૂઝ@રાજકોટ

સૌરાષ્ટ્રનો સૌથી મોટો ભાતીગળ લોકમેળો આ વખતે પણ રાજકોટના રેસકોર્સ મેદાનમાં યોજાવાનો છે, ત્યારે આગામી ૨થી ૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા આ મેળામાં રાઈડસ રાખવા માટેના પ્લોટના ભાડાના પથી ૧૦ ટકાનો વધારો થવાનો છે, જેથી રાઈડ સહિતની ટિકિટના દર પણ વધે તેવી પૂરેપૂરી શક્યતા છે. ગત વર્ષે નાની રાઈડના રૂ.૩૫ અને મોટી યાંત્રિક રાઈડના રૂ.૫૦ રાખવામાં આવ્યા હતા. વહીવટી તંત્ર જો વેપારીઓ પર ભાડા વધારો ઝીંકશે તો વેપારીઓ ટિકિટના દર વધારી લોકો પર બોજો નાખશે.



કલેક્ટર કચેરીના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આ વખતે રાજકોટના જન્માષ્ટમી લોકમેળામાં સ્ટોલ અને પ્લોટની સંખ્યા વધીને ૨૨૮ થવાની છે. આ વખતે ૧૧ સ્ટોલ અને પ્લોટનો વધારો થયો છે. આ સાથે જ પ્લોટમાં જે રાઈડસ રાખવામાં આવે છે, તેની ટેન્ડર ફીમાં પથી ૧૦ ટકાનો વધારો થવા જઈ રહ્યો છે. જેથી કહી શકાય કે, વેપારીઓ દ્વારા ફજત-ફાળકા સહિતની રાઈડ્સમાં ટિકિટના દરમાં વધારો કરવા માટેની માગ કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. આ કારણે વેપારીઓને વહીવટી તંત્ર વચ્ચે રકઝક થાય તેવી પરિસ્થિતિ છે. જોકે કલેક્ટર દ્વારા એક બે દિવસમાં પ્લોટ અને સ્ટોલ રાખવા માટેના ફોર્મ ભરવાનું શરૂ કરવાની જાહેરાત કરાશે.

યાંત્રિક રાઈડસનું સ્ટ્રક્ચર સ્ટેબિલિટી સર્ટિ ફરજિયાત, વરસાદી પાણીના નિકાલ માટે સમ્પ નખાશે

રાજકોટ શહેર માર્ગ અને મકાન વિભાગના અધિકારી સિધ્ધાર્થ જાનીએ જણાવ્યું હતું કે, આ વખતે પણ યાંત્રિક રાઈડસ ધારકો માટે સ્ટ્રક્ચર સ્ટેબિલિટી રિપોર્ટ ફરજિયાત છે. જેમાં રાઈડસ ધારકોએ પોતાના એન્જિનિયર પાસે રાઈડનું ચેકિંગ કરાવ્યા બાદ નકશા સાથેનો રિપોર્ટ રાજકોટ શહેર માર્ગ અને મકાન વિભાગની કચેરી ખાતે જમા કરાવવાનો રહેશે. જે બાદ અમારી ટીમ ત્યાં તપાસ માટે જશે અને ત્યારબાદ સ્ટ્રક્ચર સ્ટેબિલિટી રિપોર્ટ આપશે.આ ઉપરાંત આ વખતે લોકમેળા દરમિયાન ચોમાસામાં વરસાદી પાણી ભરાય તો તેના નિકાલ માટેની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

# પ્રેમ સંબંધની શંકામાં યુવક પર છરીથી હુમલો

સિટી ન્યૂઝ@રાજકોટ


રાજકોટ શહેરના મોરબી રોડ વિસ્તારમાં રહેતા ૨૨ વર્ષીય સાહિલભાઈ પ્રકાશભાઈ સોલંકી પર પ્રેમ સંબંધની શંકા રાખી યુવકે છરી વડે હુમલો કરતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવ અંગે પોલીસે આરોપી નીલેશ કોળી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.ફરિયાદ મુજબ, આશરે છ મહિના પહેલાં સાહિલભાઈના ઈન્સ્ટાગ્રામ પર એક યુવતીનો ફોટો મોકલી તેની સાથે પ્રેમ સંબંધ હોવાની વાતને લઈને નીલેશ કોળી સાથે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ બંને વચ્ચે ફોન પર ઉગ્ર તકરાર થઈ હતી, જોકે બાદમાં સમાધાન થઈ ગયું હતું. ગત ૯ જુલાઈના રોજ સાંજે સાહિલભાઈ તેમના મિત્ર ભોલુ કોળી સાથે બાપા સીતારામ ચોક પાસે નાસ્તો કરવા જઈ રહ્યા હતા.ત્યારે આરોપી નીલેશ કોળીએ તેમનં મોટરસાયકલ અટકાવી ફરી યુવતી સાથે વાતચીતના મુદ્દે ઝઘડો શરૂ કર્યો હતો. બાદમાં આરોપીએ પેન્ટમાંથી છરી કાઢી સાહિલભાઈ પર આડેધડ હુમલો કર્યો હતો. હુમલામાં તેમના જમણા ખભા, જમણા હાથની આંગળી, માથાના પાછળના ભાગે તેમજ ડાબા ગાલ પર છરીના ઘા વાગ્યા હતા.

# નીશીએ કહ્યું પપ્પાની ઈચ્છા છે હમણાં હું પપ્પાની ઘરે જ રહું, ગોપાલ ચુપ રહ્યો તેણે પછી પુછ્યું તારી ઈચ્છા શું છે




ગોપાલ ઉતાવળે મુલાકાતરૂમમાં પહોંચ્યો. તેણે જાળીની પેલે પાર જોયું તો સામે બેંચ ઉપર નિશી એકલી બેઠી હતી. ગોપાલ જાળીમાં આવી ઊભો રહ્યો. તેણે ધ્યાનથી જોયું તો નિશીની નજર નીચી હતી. ગોપાલ આવી ઊભો રહ્યો એની તેને ખબર જ નહોતી. ગોપાલ તેને ધ્યાનથી જોવા લાગ્યો. નિશીના ચહેરા પર એક પ્રકારની નીરાશા અને કંઈક ગરબડ ચાલી રહી હોય તેવા ભાવ હતા. ખરેખર તો એનાં મનમાં જે કંઈ ચાલી રહ્યું હતું, તેનાથી તે પોતે પણ અજાણ હતી. ગોપાલે આસપાસ જોયું અને દબાતા અવાજે બૂમ પાડી, "નિશી..."નિશીએ ઉપર જોયું. ગોપાલ સામે હતો. ગોપાલને જોઈને પણ નિશીના ચહેરા પર કોઈ હાવભાવ બદલાયા નહીં. તે એકદમ ધીરે ઊભી થઈ. તેના હાથમાં કાપડની એક થેલી હતી. નિશીની આ જૂની ટેવ હતી. એ ઘરેથી નીકળે એટલે તેના હાથમાં આ થેલી કાયમ રહેતી. તેમાં એક નાનકડું પર્સ રહેતું. જોકે ગોપાલને હવે તો યાદ પણ નહોતું કે, તેણે છેલ્લે ક્યારે નિશીને પૈસા આપ્યા હતા. ગોપાલને પહેલી વખત વિચાર આવ્યો કે, નિશીને પૈસા કોણ આપતું હશે?નિશી જાળી પાસે આવીને ઊભી રહી. તેની નજર હજુ પણ નીચી જ હતી. આવું નિશી પહેલી વખત કરી રહી હતી. ગોપાલે પૂછ્યું, "કેમ છે?"નિશીએ ઉપર જોયા વગર જ માથું હલાવીને કહ્યું, "ઠીક છું."ગોપાલે પૂછ્યું, "ઘણા દિવસે આવી?""પપ્પાના ઘરે છું." નિશીએ જવાબ આપ્યો."મેં પપ્પાના ઘરે પણ ફોન કર્યો હતો.""હા. હું ત્યારે બહાર ગઈ હતી. પપ્પાએ મને કહ્યું હતું કે, તારો ફોન આવ્યો હતો."ગોપાલ શાંત થઈ ગયો. તેને હજી સમજ નહોતી પડી રહી કે, નિશી આજે આવો વ્યવહાર કેમ કરે છે? ગોપાલે પૂછ્યું, "નિશી, શું થયું છે?"નિશીએ તેની આંખોમાં જોતાં માથું હલાવીને કહ્યું, "કંઈ નહીં.""નિશી, મેં મમ્મીને પણ તારા માટે પૂછ્યું ત્યારે મમ્મીએ પણ મને કંઈ બરાબર વાત કરી નહીં." ગોપાલે કહ્યું.નિશીએ ગોપાલની આંખોમાં જોયું. તે જાણવાનો પ્રયત્ન કરી રહી હતી કે, મમ્મી અને ગોપાલ વચ્ચે શું વાત થઈ છે? પણ નિશીને અંદાજ નહોતો આવી રહ્યો. ગોપાલે પૂછ્યું, "તું ઘરે ક્યારે આવવાની છે?"નિશીએ કંઈ જવાબ આપ્યો નહીં. ગોપાલે થોડી રાહ જોઈને કહ્યું, "નિશી, હું તને કંઈક પૂછી રહ્યો છું."નિશીએ ઉપર જોયું અને કહ્યું, "મારી સાથે પપ્પા પણ આવ્યા છે."ગોપાલ તરત બહારની તરફ આસપાસ નજર દોડાવવા લાગ્યો. નિશીએ કહ્યું, "બહાર ઊભા છે."

નિશી અને ગોપાલ વચ્ચે આજે ત્રૂટક ત્રૂટક સંવાદ થઈ રહ્યો હતો. એમાં પણ સંવાદ કરતાં મૌન વધારે રહેતુ હતું. અંદરથી તો ગોપાલને બરાડીને પૂછવાની ઈચ્છા થતી હતી કે, નિશી, બોલને શું થયું છે? મને તકલીફ પડી રહી છે. પણ ગોપાલને ખબર હતી કે, એ જેલમાં આવું કરી શકે નહીં. નિશીએ કહ્યું, "પપ્પા કહે છે કે, ગોપાલ ન આવે ત્યાં સુધી તું અમારા ઘરે જ રહે."ગોપાલ વિચારમાં પડી ગયો. તે સાચું માની શકતો નહોતો કે, નિશી ખુદ તેને આ વાત કહી રહી છે. નિશીએ કહ્યું, "એટલે જ હું પપ્પાના ઘરે છું."ગોપાલ વિચારમાં પડી ગયો કે, તેની ગેરહાજરીમાં નિશીએ ઘરની બધી જવાબદારી ઉપાડી લીધી હતી. હવે નિશી નથી, તો મમ્મી પપ્પા કેવી રીતે ઘર અને પોતાને સંભાળતા હશે! ગોપાલે પૂછ્યું, "પપ્પાની ઈચ્છા તું એમના ઘરે રહે તેવી હોય, એ સ્વાભાવિક છે. પણ તારી શું ઈચ્છા છે?"નિશી લાંબો વખત ચૂપ રહી. પછી તેણે ગોપાલ સામે જોતાં કહ્યું, "પહેલાં તો મને થતું કે, આજે નહીં તો કાલે તું ઘરે આવી જઈશ. તારી રાહ જોવામાં મારો સમય નીકળી જતો. પરંતુ હવે મને ખબર છે કે, તું આવવાનો જ નથી; તો હું ત્યાં રહીને શું કરું?"ગોપાલ કંઈ બોલી શક્યો નહીં. નિશી જે કહી રહી હતી તે ખોટું પણ નહોતું. પણ આ રીતે નિશી એના પપ્પાના ઘરે જતી રહી, એ વાત તેને ખટકી રહી હતી. ગોપાલ તો જેલમાં જ હતો. નિશી ગોપાલનાં ઘરે રહે કે એના પપ્પાના ઘરે રહે, તેને કોઈ ખાસ ફેર પડતો નહોતો. છતાં પોતાના ઘરે રહેલી નિશી પોતાની છે; એવું તેને લાગી રહ્યું હતું. પપ્પાના ઘરે જતી રહેલી નિશી જાણે પોતાનાથી દૂર જઈ રહી હોય; તેવું તેને લાગવા માંડ્યું હતું. ગોપાલે કહ્યું, "પણ તારા વગર મમ્મી પપ્પા શું કરશે?"નિશીની આંખ ભીની થઈ ગઈ. તેને સમજાતું હતું કે, ગોપાલ કહે છે તે પણ સાચુ છે. તેણે થેલીમાંથી રૂમાલ કાઢીને આંખો લૂંછતાં કહ્યું, "મને ખબર છે. તેઓ મારા વગર એકલાં પડી ગયાં છે."ગોપાલ માત્ર નિશીને સાંભળતો હતો. થોડીવાર પછી નિશીએ કહ્યું, "હું તેમને ફોન કરતી રહું છું."ગોપાલને લાગ્યું કે, તોફાન મસ્તી કરતી નિશી એકદમ પ્રૌઢ સ્ત્રી થઈ ગઈ છે. તેમની વચ્ચેનો સંવાદ જ ખલાસ થઈ ગયો હતો. ગોપાલે પૂછ્યું, "તારાં ઘરે બધા કેમ છે?નિશીએ નીચે જોઈને જ જવાબ




પ્રશાંત દયાળ

આપ્યો, "પપ્પા હજી ગુસ્સામાં છે. મને લેવા આવ્યા ત્યારે આપણા પપ્પા સાથે પણ એમને બોલવાનું થયું હતું."ગોપાલ વિચારમાં પડી ગયો. મારા અને નિશીના પપ્પા વચ્ચે શું બોલવાનું થયુ હશે? નિશીએ કહ્યું, "પપ્પાએ કહ્યું કે, મારે તને ડિવોર્સ આપી દેવા જોઈએ."ડિવોર્સ શબ્દ સાંભળતાં જ ગોપાલના પગ નીચેથી જમીન ખસી ગઈ. ગોપાલ કંઈ જ બોલી શક્યો નહીં. ગોપાલને યાદ આવ્યું કે, એ પાલનપુર જેલમાં હતો ત્યારે તેના પપ્પાએ કહ્યું હતું, જો સજા પડશે તો મારે વિચાર કરવો પડશે.ગોપાલ લોખંડની જાળી પકડીને ઊભો હતો છતાં તેને લાગી રહ્યું હતું કે, તેના હાથની પક્કડ ઢીલી પડી રહી છે. તે રડી પડશે તેવું પણ લાગી રહ્યું હતું. ગોપાલ કંઈ જ બોલી શક્યો નહીં. તેને નિશીની માનસિક સ્થિતિ પણ સમજાતી હતી. ગોપાલે પૂછ્યું, "તું મને ડિવોર્સ આપીશ?"

ગોપાલના મનમાં નિશી જતી રહેશે તેનો ડર હતો. નિશીની આંખો પણ ભીની થઈ ગઈ હતી. ગોપાલનું મન કહી રહ્યું હતું કે, નિશી પ્લીઝ જલદી જવાબ આપ. નિશીએ માત્ર માથું હલાવીને ના કહી. ગોપાલનો શ્વાસ નીચે બેઠો. નિશી અત્યારે ભલે ના પાડી પણ ગોપાલનું મન હજી કહી રહ્યું હતું કે, કંઈક ગરબડ જરૂર છે. નિશીની ના આજે તેને ખોખલી લાગી રહી હતી. તેનું હૃદય અંદરથી ફફડી રહ્યું હતું.પોતાની જાતને સંભાળી લઈ ગોપાલે પૂછ્યું, "નિશી, મને મળવા તો આવીશને?"નિશીએ નીચે જોઈને જ હકારમાં માથું હલાવ્યું. અચાનક નિશી પાસે એક સિપાહી આવ્યો. તેણે પોતાના કાંડા ઉપર બાંધેલી ઘડિયાળ બતાવી. નિશીએ કહ્યું, "હા સાહેબ."નિશી બહારની તરફ ચાલવા લાગી. એક ડગલું ચાલીને પાછી ફરી અને ગોપાલને આંખોથી જ કહ્યું, "પાછી આવીશ."પણ ગોપાલનું મન તો એને આજે કહી રહ્યું હતું કે, તું આજે જઈશ જ નહીં.નિશી મુલાકાતરૂમની બહાર નીકળી રહી હતી. ગોપાલ તેને છેક સુધી જતી જોવા માગતો હતો. એ ત્યાં જ ઊભો રહ્યો. એવામાં દરવાજાની બહાર ઊભા રહેલા નિશીના પપ્પા તરફ ગોપાલની નજર ગઈ. તેમની અને ગોપાલની નજર એક થઈ. પપ્પાની નજરમાં ગોપાલ માટે ભારોભાર ધૃણા અને તીરસ્કાર હતાં. ગોપાલ આ નજરને સહન કરી શક્યો નહીં. તે મુલાકાતરૂમની બહાર નીકળી ગયો.ગોપાલ લીગલ ઑફિસ તરફ ચાલવા લાગ્યો. જાણે એના પગની બધી જ તાકાત હણાઈ ગઈ હોય તેવી એની સ્થિતિ હતી. તે માંડ માંડ તિલકયાર્ડ સુધી પહોંચ્યો. તે જ વખતે નીતિનકાકા પણ આવી રહ્યા હતા. તેમણે ગોપાલની ધીમી ચાલ જોઈને કહ્યું, "અરે, થાકેલા ઘોડાની જેમ કેમ ચાલે છે? આ ઉંમરે પણ મારી ચાલ જો."ગોપાલ કંઈ જવાબ આપવાને બદલે ભાંગી પડ્યો. નીતિનકાકા સામે ચોધાર આંસુએ રોવા લાગ્યો. કાકાએ એને શાંત રહેવાનું કહ્યું અને ઑફિસમાં લઈ ગયા. (ક્રમશઃ)

# સરકારી શાળાઓ બંધ કરી શિક્ષણ નબળું પાડવાનો પ્રયાસ હોવાનો કોંગ્રેસનો આક્ષેપ




## » ગ્રામિણ વિસ્તારોમાં શૈક્ષણિક માળખું મજબૂત કરવા અને કાયમી શિક્ષકોની ભરતી કરવાની સરકારને માંગ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેર કોંગ્રેસના એસ.સી. ડીપાર્ટમેન્ટના ચેરમેન રમેશ ડૈયાએ રાજ્ય અને કેન્દ્ર સરકાર પર ગ્રામિણ શિક્ષણને નબળું પાડવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. તેમણે જણાવ્યું કે સરકારી શાળાઓ બંધ કરવાની નીતિથી ગ્રામિણ તેમજ આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓના શિક્ષણ પર સીધી અને પ્રતિકૂળ અસર પડી રહી છે, જેના કારણે ભવિષ્યમાં શિક્ષણમાં અસમાનતા વધુ ઊંડાઈ શકે છે અને સમાજમાં શિક્ષિત તથા અશિક્ષિત વચ્ચેનો અંતર વધવાની શક્યતા છે.

તેમણે વધુમાં જણાવ્યું કે સરકારે સરકારી શાળાઓ બંધ કરવાને બદલે તેમાં આધુનિક સુવિધાઓ, પૂરતા અને પ્રશિક્ષિત શિક્ષકો તેમજ ગુણવત્તાસભર શિક્ષણની વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. નવા કાયમી શિક્ષકોની ભરતી ન થવાને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસમાં ખલેલ પહોંચે છે અને શિક્ષણની ગુણવત્તા ઘટી રહી છે, જે ચિંતાજનક બાબત છે. તેમણે ઉમેર્યું કે શિક્ષણ ક્ષેત્રે લાંબા ગાળાની નીતિ અને આયોજન વિના લેવાતા નિર્ણયો વિદ્યાર્થીઓના ભવિષ્યને અસર કરી શકે છે. રમેશ ડૈયાના જણાવ્યા મુજબ એક તરફ ખાનગી શાળાઓની સંખ્યા ઝડપથી વધી રહી છે, જ્યારે બીજી તરફ સરકારી શાળાઓનું અસ્તિત્વ જોખમમાં મૂકાઈ રહ્યું છે. આ પરિસ્થિતિ શિક્ષણ ક્ષેત્રે અસમાનતા વધારતી હોવાનું તેમણે જણાવ્યું અને આ સ્થિતિ લાંબા ગાળે સમાજ માટે હાનિકારક સાબિત થઈ શકે છે તેવી ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે આ પ્રવૃત્તિઓથી ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ માટે ગુણવત્તાસભર શિક્ષણ મેળવવું વધુ મુશ્કેલ બની રહ્યું છે. તેમણે સરકાર પર શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો દ્વારા માત્ર પ્રચાર કરવાનો આક્ષેપ કરતાં જણાવ્યું કે શિક્ષણ ક્ષેત્રે દેખાવને બદલે વાસ્તવિક અને અસરકારક કામગીરી જરૂરી છે. કાયમી શિક્ષકોની ભરતી, આધુનિક સુવિધાઓનો વિકાસ અને ગ્રામિણ વિસ્તારોમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે તાત્કાલિક પગલાં લેવા તેમણે સરકારને અપીલ કરી હતી. તેમણે અંતમાં જણાવ્યું કે શિક્ષણને રાજકારણથી દૂર રાખીને વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણયો લેવાં જરૂરી છે.



# રાજકોટમાં VIBESનું 20મું ચેપ્ટર ઉદ્યોગકારોને આપશે વૈશ્વિક જોડાણ

## વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનનું પ્રથમ ઈન્ડસ્ટ્રિયલ ચેપ્ટર 11 જુલાઈએ લોન્ચ થશે, 19 સફળ ચેપ્ટર્સ બાદ રાજકોટને મળશે નવું બિઝનેસ નેટવર્ક

સિટી ન્યૂઝ@રાજકોટ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના બિઝનેસ નેટવર્કિંગ પ્લેટફોર્મ VIBESનું ૨૦મું ચેપ્ટર 'આદિત્ય રાજકોટ' ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ રાજકોટમાં ભવ્ય રીતે લોન્ચ થશે. શહેરનું આ પ્રથમ ઈન્ડસ્ટ્રિયલ ચેપ્ટર સ્થાનિક ઉદ્યોગકારો, સ્ટાર્ટઅપ્સ અને વેપારીઓને વ્યાપારી નેટવર્કિંગ માટે એક મજબૂત અને અસરકારક પ્લેટફોર્મ પૂરું પાડશે, જેનાથી નવા વ્યવસાયિક સંબંધો અને વિકાસના અવસરો ઊભા થશે.

મોટા મવા, સેકન્ડ રિંગ રોડ પર ધ ગ્રાન્ડ પેલેસ સામે આવેલા રીમુઝ FEC ખાતે સવારે ૭:૦૦ વાગ્યે કાર્યક્રમ યોજાશે. આર. પી. પટેલ, ચંદુભાઈ વિરાણી, ડી. એન. ગોલ અને ગૌતમભાઈ ધમસાણીયાની ઉપસ્થિતિમાં ચેપ્ટરનું લોન્ચિંગ કરવામાં આવશે. કાર્યક્રમમાં શહેરના અગ્રણી ઉદ્યોગકારો, વેપારીઓ અને યુવા ઉદ્યોગસાહસિકોની વિશાળ ઉપસ્થિતિ રહેવાની શક્યતા છે.વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન 'આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્રીય ચેતના'ના સંકલ્પ સાથે ૫૦૪ ફૂટ ઊંચા વિશ્વ ઉમિયાધામના નિર્માણ ઉપરાંત સમાજ અને સનાતન સંસ્કૃતિના વિકાસ માટે ૨૨થી વધુ વિવિધ પ્રવૃત્તિઓ ચલાવે છે. તેમાં VIBES યુવા ઉદ્યોગકારો અને વેપારીઓ માટેનું મહત્વપૂર્ણ બિઝનેસ નેટવર્કિંગ પ્લેટફોર્મ છે, જે વ્યવસાયિક વૃદ્ધિ અને સહકારને પ્રોત્સાહન આપે છે.

આકાશ વડાલીયા, મયુર પટેલ અને સાગર પટેલના જણાવ્યા મુજબ અમદાવાદ, સુરત, વડોદરા, મુંબઈ અને હિંમતનગર સહિત વિવિધ શહેરોમાં ૧૯ સફળ ચેપ્ટર્સ બાદ રાજકોટનું ચેપ્ટર નવા બિઝનેસ અવસરો, મજબૂત નેટવર્કિંગ અને વ્યાપારી વિસ્તરણ માટે મહત્વપૂર્ણ સાબિત થશે. કાર્યક્રમમાં ભાગ લેનારા સભ્યો માટે પ્રોફેશનલ બિઝનેસ એટાયર ફરજિયાત રાખવામાં આવ્યો છે, જેથી કાર્યક્રમમાં વ્યાવસાયિકતા અને શિસ્ત જળવાઈ રહે.

# આવકવેરા વિભાગના કર્મચારી સંગઠન ITEFનું રાજકોટમાં 75 વૃક્ષોનું રોપણ

## પ્લેટીનમ જુબિલી વર્ષની ઉજવણી નિમિત્તે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ; ચીફ કમિશનર સતીશ ગોયલના હસ્તે અભિયાનનો પ્રારંભ

સિટી ન્યૂઝ@રાજકોટ

ઈન્કમટેક્સ એમ્પ્લોઈઝ ફેડરેશન (ITEF)ના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશમાં પ્લેટીનમ જુબિલીની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અનુસંધાને ITEF રાજકોટ બ્રાન્ચ દ્વારા તા. ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ રેસકોર્સ સ્થિત બાળભવન ખાતે ૭૫ વૃક્ષોના રોપણનો કાર્યક્રમ યોજાયો હતો.



કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે રાજકોટના ચીફ કમિશનર ઓફ ઈન્કમટેક્સ શ્રી સતીશ ગોયલ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણના આ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ITEF રાજકોટ બ્રાન્ચના હોદ્દેદારો દીપક ભટ્ટ, શ્રીકાંત, સમર્થ જોશી તથા સમગ્ર ટીમે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. સંસ્થાના આગેવાનોએ જણાવ્યું હતું કે ITEFની ૭૫ વર્ષની ગૌરવપૂર્ણ સફરને પર્યાવરણ જાળવણી સાથે જોડીને સમાજમાં હરિયાળો અને સ્વચ્છ પર્યાવરણનો સંદેશ પહોંચાડવાનો આ પ્રયાસ છે. આ પ્રસંગે આવકવેરા વિભાગના અન્ય ઉચ્ચ અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક વૃક્ષારોપણ કર્યું હતું અને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રતિબદ્ધ રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# "રોટરી ક્લબ ઓફ રાજકોટ"નો વિશાળ મેગા બ્લડ ડોનેશન કેમ્પ

## ખોડલધામ ટ્રસ્ટ અને શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી ૧૧ જુલાઈએ સેવાયજ્ઞ; વધુમાં વધુ રક્તદાતાઓને જોડાવા હાર્દિક અપીલ

સિટી ન્યૂઝ@રાજકોટ

રોટરી ક્લબ ઓફ રાજકોટ, ખોડલધામ ટ્રસ્ટ તથા શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે માનવસેવાના ઉમદા હેતુથી વિશાળ મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજમાં રક્તની વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.આ કેમ્પ તા. ૧૧ જુલાઈ, ૨૦૨૬ (શનિવાર)ના રોજ સવારે ૮:૦૦થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી ડેકોરા હોલ, મેટોડા GIDC, રાજકોટ ખાતે યોજાશે. કેમ્પનો મુખ્ય હેતુ રાજકોટ અને આસપાસના વિસ્તારોમાં જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર અને પૂરતા પ્રમાણમાં રક્ત ઉપલબ્ધ કરાવવામાં સહભાગી બનવાનો છે તેમજ માનવજીવન બચાવવા માટે સમાજમાં જાગૃતિ ફેલાવવાનો છે.

રોટરી ક્લબ ઓફ રાજકોટ દ્વારા મેટોડા GIDCના ઉદ્યોગપતિઓ, કર્મચારીઓ, સ્થાનિક રહેવાસીઓ, રાજકોટ શહેરના નાગરિકો, યુવાનો, વિવિધ સામાજિક સંસ્થાઓ તેમજ સ્વૈચ્છિક રક્તદાતાઓને આ સેવાયજ્ઞમાં જોડાઈ રક્તદાન કરવા હાર્દિક અપીલ કરવામાં આવી છે. વધુમાં વધુ લોકો આ અભિયાનમાં જોડાય તે માટે વિશેષ



આયોજન કરવામાં આવ્યું છે.

સ્વૈચ્છિક રક્તદાન કરનાર દરેક રક્તદાતાને આયોજકો તરફથી આકર્ષક ભેટ આપી તેમના સેવાભાવનું સન્માન કરવામાં આવશે તેમજ તેમને પ્રોત્સાહિત કરવામાં આવશે.

રોટરી ક્લબ ઓફ રાજકોટના પ્રમુખ રોટ. જયંત અગ્રવાલ (૯૮૯૮૦ ૧૨૭૨૨), સેક્રેટરી રોટ. મિલેશ મહેતા(૯૧૭૩૧ ૦૭૮૭૮), પ્રોજેક્ટ ચેરમેન રોટ. જતિન ધોળકિયા તથા શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી(૯૪૨૮૨ ૦૦૬૬૦) સહિત સમગ્ર આયોજન ટીમે વધુમાં વધુ રક્તદાતાઓને આ મહાયજ્ઞમાં ઉત્સાહભેર જોડાવા અપીલ કરી છે અને આ સેવાકાર્યને સફળ બનાવવા સૌનો સહકાર માંગ્યો છે.

"એક રક્તદાન... અનેક જીવનમાં આશાનું કિરણ."

# ફ્રીડમ યુવા ગ્રુપ દ્વારા 23મો શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમ

## મનોદિવ્યાંગ, થેલેસેમિક અને જરૂરિયાતમંદ બાળકોને શૈક્ષણિક કીટ અપાશે; મેયર ડો. નેહલભાઈ શુક્લ સહિતના મહાનુભાવો રહેશે ઉપસ્થિત

સિટી ન્યૂઝ@રાજકોટ

ફ્રીડમ યુવા ગ્રુપ, રાજકોટ દ્વારા સમાજના વંચિત અને વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકોના શિક્ષણને પ્રોત્સાહન આપવા સતત ૨૩મા વર્ષે શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આગામી તા. ૧૨ જુલાઈ, રવિવારના રોજ મનોદિવ્યાંગ, થેલેસેમિક અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કૂલબેગ, ફૂલસ્કેપ બુક્સ, લંચ બોક્સ, વોટર બોટલ, કંપાસ, એક્ઝામ પેડ સહિતની શૈક્ષણિક કીટ દાતાશ્રીઓના સહયોગથી વિતરણ કરવામાં આવશે. સંસ્થા દ્વારા અગાઉથી કૂપન આપવામાં આવેલા લાભાર્થી બાળકો અને તેમના વાલીઓને કૂપનના આધારે કીટનું વિતરણ કરવામાં આવશે.

Freedom
YUVA GROUP - RAJKOT

કાર્યક્રમનું ઉદ્ઘાટન રાજકોટના મેયર ડો. નેહલભાઈ શુક્લ, મુખ્ય દાતાશ્રી કૈલાશબેન પલાણ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશભાઈ પીપળીયા અને શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવેના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવશે. આ પ્રસંગે શહેરના અનેક સામાજિક, શૈક્ષણિક અને જાહેરજીવનના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

પ્રસંગે રાજકોટના નવનિયુક્ત મેયર ડો. નેહલભાઈ શુક્લ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશભાઈ પીપળીયા તેમજ ફ્રીડમ યુવા ગ્રુપ પરિવારના નગરસેવકોનું સન્માન કરવામાં આવશે. ઉપરાંત, કાર્યક્રમમાં સહયોગ આપનાર તમામ દાતાશ્રીઓને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માનિત કરવામાં આવશે.

સંસ્થાના સ્થાપક ભાગ્યેશ વોરાના માર્ગદર્શન હેઠળ મનોજ ડોડીયા, સંજય પારેખ, પ્રવીણ ચાવડા, કિરીટ ગોહેલ, સુરેશ રાજપુરોહિત, નીતિન ઝરીયા, રસિક મોરધરા, નિમેષ કેસરિયા, અલ્પેશ પલાણ, ચંદ્રેશ પરમાર, રાજન સૂરૂ, વિરલ પલાણ, જે.પી. ફૂલારા, ધવલ પડિયા, જીતેશ સંઘાણી, જીગ્નેશ આહિર, રોહિત સિદ્ધપુરા, હર્ષદ ચોકસી, રિતેશ ચોકસી, અલ્પેશ ગોહેલ સહિતના કાર્યકરો કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.



# રાજકોટમાં 12 જુલાઈએ અજરામર આરાધના કેન્દ્રનું લોકાર્પણ

## પૂ. આચાર્ય ભાવચંદ્ર સ્વામી સહિત 10 થાણાની પાવન નિશ્રામાં ધાર્મિક કાર્યક્રમો



સિટી ન્યૂઝ@રાજકોટ

જૈન સમાજના વૃદ્ધ, દીર્ઘવયસ્ક અને અસ્વસ્થ સાધુ-સાધ્વીજીઓને યોગ્ય વૈયાવચ્ચ, સારવાર અને ધાર્મિક આરાધના માટે અનુકૂળ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા અજરામર આરાધના ટ્રસ્ટ દ્વારા રાજકોટ ખાતે અજરામર આરાધના કેન્દ્રનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રનું લોકાર્પણ તા. ૧૨ જુલાઈ, ૨૦૨૬ (રવિવાર)ના રોજ અયોધ્યા ચોક નજીક સીમંદર એપાર્ટમેન્ટ ખાતે યોજાશે.

અજરામર સ્વામીની કૃપાથી પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભાવચંદ્ર સ્વામી, પૂ. વિમલચંદ્ર સ્વામી, ડો. પૂ. નિરંજનચંદ્ર સ્વામી સહિત ૧૦ થાણા રાજકોટ પધાર્યા છે અને તા. ૧૦થી ૧૨ જુલાઈ દરમિયાન અયોધ્યા ચોક સ્થિત સિતારા હાઈટ્સ ખાતે બિરાજમાન રહેશે. આરાધના કેન્દ્રનું લોકાર્પણ મુખ્ય દાતા હરેશભાઈ કાનજીભાઈ સંઘવી (કચ્છ સમા ઘોઘાવાળા)ના હસ્તે કરવામાં આવશે. આ કેન્દ્રના નિર્માણમાં પૂ. ભાસ્કર સ્વામીના માર્ગદર્શન તથા પૂ. તપસ્વિની ગીતાકુમારી આચાર્યાની પ્રેરણા અને પરિશ્રમ મહત્વપૂર્ણ રહ્યા છે.

તા. ૧૦ જુલાઈના રોજ નવકારશીનો લાભ નમ્રતાબેન જીતેનભાઈ ટોળિયા પરિવાર તથા ભાવનાબેન ભારતભાઈ શાહ પરિવાર દ્વારા લેવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચિરાગભાઈ ટોળિયાએ જણાવ્યું હતું કે ગુરુભક્તિ અને સંઘસેવાના ભાવથી જીવનમાં સંસ્કારોનું સિંચન થાય છે અને સૌ ભાવિકોએ ગુરુદર્શન તથા સત્સંગનો લાભ લેવો જોઈએ.

લોકાર્પણ સમારોહમાં જાણીતા દાનવીર જીતેન્દ્રભાઈ બેનાણી પ્રમુખસ્થાને ઉપસ્થિત રહેશે. ઉપરાંત કીર્તિભાઈ કોટેચા, કાર્તિકભાઈ શેઠ, કેતનભાઈ શેઠ સહિત ટ્રસ્ટના હોદ્દેદારો અને અગ્રણીઓ સમગ્ર આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.



### સબ–જૂનિયર ગર્લ્સ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ટુર્નામેન્ટ

# સુરતને 3-0થી હરાવી રાજકોટ જિલ્લાની ટીમ ફાઈનલમાં

## જામનગરે વડોદરાને 12–0થી પરાજય આપ્યો; આજે રાજકોટ–જામનગર વચ્ચે ખિતાબી જંગ

સિટી ન્યૂઝ@રાજકોટ

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા ન્યૂ એરા ગ્લોબલ સ્કૂલ, મોરબી ખાતે આયોજિત સબ-જૂનિયર ગર્લ્સ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટ-૨૦૨૬માં રાજકોટ જિલ્લાની ટીમે સુરત જિલ્લાને ૩-૦થી હરાવી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે.

વરસાદી વાતાવરણમાં રમાયેલી પ્રથમ સેમિફાઈનલમાં રાજકોટ તરફથી યાના પીપળિયાએ બે ગોલ ફટકાર્યા હતા, જ્યારે હીર ખંડેડિયાએ એક ગોલ નોંધાવ્યો હતો. ફુલટાઈમ સ્કોર ૩-૦ રાજકોટના પક્ષમાં રહ્યો હતો.

બીજી સેમિફાઈનલમાં જામનગર જિલ્લાની ટીમે વડોદરા જિલ્લાને એકતરફી મુકાબલામાં ૧૨-૦થી પરાજય આપ્યો હતો. જામનગર તરફથી નેશનલ ખેલાડી દયા જાંબુચાએ પાંચ ગોલ કર્યા હતા. ઉપરાંત ઊર્મિલાબેન ધોરિયા, દીયા પટેલ અને સંજના મેનિયાએ બે-બે ગોલ નોંધાવ્યા હતા, જ્યારે કિંજલ શેખે એક ગોલ કર્યો હતો.

ટુર્નામેન્ટમાં ગુજરાતના ૧૧ જિલ્લાઓની ટીમોએ ભાગ લીધો હતો, જેને ચાર ગ્રુપમાં વહેંચવામાં આવી હતી.

હવે શુક્રવાર, તા. ૧૦ જુલાઈએ સવારે ૧૦:૦૦ વાગ્યે રાજકોટ અને જામનગર જિલ્લાની ટીમો વચ્ચે ફાઈનલ મેચ રમાશે.

# રાજકોટ જીલ્લા SOGનો લોધીકા-મેટોડામાં દરોડો

### » ગેરકાયદે સંગ્રહ, વહન, ખનન કરતા ૧ કરોડના વાહનો ડીટેઈન

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ જીલ્લા પોલીસ દ્વારા ચાલતા ગેરકાયદે ખનન ચોરીને અટકાવવાના અભિયાન દરમ્યાન એસઓજીની ટીમે મેટોડા પોલીસ સ્ટેશન વિસ્તારના વાગુદડ રોડ ઉપર દરોડો પાડી ગેરકાયદે સંગ્રહ, વહન કરતા એકમ પર દરોડો પાડી ડમ્પર, રેતી, કપચી સહીત ૩૪ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે આ ઉપરાંત લોધિકાના પીપળીયા પાળ ગામની સીમમાં ચાલતા ગેરકાયદે મોરમના ખનનનો પર્દાફાશ કરી ૭૦,૫૦,૦૦૦નો મુદામાલ કબ્જે કર્યો છે. રાજકોટ જિલ્લાના મેટોડા પોલીસ સ્ટેશન વિસ્તારના વાગુદળ રોડ પર આવેલા ઓમ કોંક્રિટક નામના એકમમાં રોયલ્ટી પાસ વિના ગેરકાયદેસર રીતે રેતી-કપચીનો સંગ્રહ અને વહન કરવામાં આવતુ હોવાની માહીતીને આધારે પીઆઈ પારગી સહીતની ટીમે ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓને સાથે રાખીને દરોડો પાડી ૩૦ લાખનું ડમ્પર, ૨૯૦ ટન કપચી, રેતી સહીત કુલ ૩૪ લાખની કિંમતનો મુદામાલ કબ્જે કરી વધુ કાર્યવાહી કરવામાં આવી છે તેમજ બીજો દરોડો પીપળીયા પાળ ગામની સીમમાં પાડી ગેરકાયદે મોરમનું ખનનનો પર્દાફાશ કરી એક જેસીબી, એક ડમ્પર અને ૧૦૦ ટન મોરમ સહીત ૭૦.૫૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે.




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| KUSUMGAR | 08/7 | 10/7 | 398 - 419 | 35 | 14,665 |
| LASER POWER & INFRA | 09/7 | 13/7 | 203 - 214 | 70 | 14,980 |
| SBI FUNDS MANAGEMENT | 14/7 | 16/7 | 545 - 574 | 26 | 14,924 |
| ALPINE TEXWORLD | 14/7 | 16/7 | 100 - 105 | 142 | 14,910 |
| SME DETAILS | | | | | |
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| HAPPY STEELS | 09/7 | 13/7 | 62 - 66 | 4000 | 2,64,000 |
| DEVSON CATALYST | 09/7 | 13/7 | 112 - 118 | 2400 | 2,83,200 |
| MILLWORKS TECHNOLOGIES | 14/7 | 16/7 | 315 - 331 | 800 | 2,64,800 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લિ.ને 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૧૩,૪૨૦ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાન ગાળાના અંતે રૂ.૧૨,૮૧૯ કરોડ થયો હતો. કુલ આવક રૂ.૬૫,૦૯૭ કરોડથી વધીને રૂ.૭૩,૮૪૩ કરોડ થઈ છે.
- ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લિ.ની બોર્ડ મીટિંગ ૯ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળી હતી જેમાં ઈક્વિટી શેરદીઠ રૂ.૧૨ ના વચગાળાના ડિવિડંડની જાહેરાત કરાઈ હતી.
- કેન ફિન હોમ્સ લિ.ની બોર્ડ મીટિંગ ૧૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિ.ની બોર્ડ મીટિંગ ૧૬ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- ફેડરલ બેન્ક લિ.ની બોર્ડ મીટિંગ ૧૭ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- જિંદાલ સ્ટીલ એન્ડ પાવર લિ.ની ૨૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં 30 જૂન, ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.
- બજાજ હોલ્ડિંગ્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ લિ.ની ૩૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં 30 જૂન, ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.
- ઈન્ડસઈન્ડ બેન્ક લિ.ની ૨૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં 30 જૂન, ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે–વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.